Tuesday 15, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં પર્યુષણ પર્વના જાહેરનામાના ભંગ સામે કાર્યવાહીની માંગ

### હિંસા નિવારણ સંઘના અગ્રણી દ્વારા કબ્રસ્તાન રોડ પર ખુલ્લેઆમ ચિકન-મટનની દુકાન અને નોનવેજ બનાવવા બાબતે રાવ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા કબ્રસ્તાન રોડ પર પર્યુષણ પર્વ દરમિયાન જાહેરનામાનો ભંગ કરી ચિકન, મટન, માંસ-મચ્છીની દુકાનો ચાલુ રાખવામાં આવતી હોવાને લઈ ફરિયાદ ઉઠી છે. એટલું જ નહીં, કેટલાક સ્થળોએ દુકાનના શટર અને દરવાજા બંધ કરી અંદરથી નોનવેજ બનાવવાની કામગીરી પણ ચાલી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વાપી પંથકમાં પર્યુષણ પર્વ દરમિયાન માંસાહારી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ અંગે રાજ્ય સરકાર અને વાપી મહાનગરપાલિકા તેમજ જિલ્લા કલેકટર નુ જાહેરનામું અમલમાં હોવા છતાં ઉપરોક્ત પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોવાની બાબતને ગંભીરતાથી લઈ વલસાડ જિલ્લા હિંસા નિવારણ સંઘના અગ્રણી અને ભારત સરકારના એનિમલ બોર્ડના તેમ જ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગરના સભ્ય એવા વાપીના રાજેશભાઈ હસ્તીમલભાઈ શાહ દ્વારા વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરને પત્ર લખી ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરનારાઓ સામે તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે અને જાહેરનામાનો ભંગ કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સાથે જૈન ધર્મના પર્યુષણ પર્વમાં તેઓની લાગણી દુભાઈ તેવી આ પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ પણ કરી છે.

## વાપીમાં બુધવારે સંવત્સરી પર પારણાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** પર્વાધિરાજ પર્યુષણ પર્વ નિમિત્તે વાપીના વિવિધ જૈન સંઘોમાં સેંકડો આરાધકો તપ કરી રહ્યા છે.

વાપી ટાઉનમાં ભૈરવ ધામ જૈન સંઘ, અજિતનાથ દેરાસર જૈન સંઘ, શાંતિનાથ સંઘ, જીઆઈડીસીમાં તેરાપંથ જૈન સંઘ, શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સહિત વિવિધ ફિરકાઓમાં નાના બાળકોથી લઈને મોટેરાઓ ૮ દિવસથી લઈ ૧૬ દિવસ અને વર્સીતપની કઠિન આરાધના કરી રહ્યા છે. કેટલાક આરાધકો અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસની તપસ્યા કરી રહ્યા છે. દેરાસરોમાં પ્રવચન, પ્રતિક્રમણ અને ભક્તિનો માહોલ છવાયો છે. બુધવારે સંવત્સરી મહાપર્વ નિમિત્તે ભવ્ય વરઘોડા કાઢવામાં આવશે અને ત્યારબાદ તપસ્વીઓ પારણાં કરશે.

## વલસાડ જિલ્લામાં ફરી મેઘસવારી

### વાતાવરણમાં ઠંડક : ધરતીપુત્રોમાં હર્ષ : વાહનચાલકોને મુશ્કેલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદને પગલે સમગ્ર પંથકમાં શીતળતા પ્રસરી ગઈ છે.

લાંબા સમય બાદ મેઘરાજાનું આગમન થતાં સ્થાનિક રહીશોને ગરમીના કારણે થઈ રહેલા બફારામાંથી મુક્તિ મળી છે, જ્યારે ખેડૂતોને ખરીફ પાકને જીવનદાન મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

વલસાડ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વલસાડ, પારડી, ધરમપુર, ઉમરગામ અને નાનાપોંઢા તાલુકામાં એક ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે વાપી અને કપરાડા તાલુકામાં અડધો ઈંચ થી વધુ વરસાદ વરસ્યો છે.

એક તરફ વરસાદથી રાહત મળી છે, તો બીજી તરફ વહીવટી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી ગઈ છે. જ્યારે વલસાડ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૪૮ પરના રસ્તાઓ પર ઠેર-ઠેર ડામર ઉખડી જતાં હાઈવે રોડ તેમજ ઓવરબ્રિજ પર મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે સતત દોડતા વાહનો ધીમા પડ્યા છે અને અકસ્માતનો ભય વધી ગયો છે. વલસાડ પંથકમાં સ્થાનિક અંડરપાસ અને બ્રિજ બિસ્માર થતાં લોકો પરેશાન થઈ જવા પામ્યા છે.

વલસાડ શહેર અને આસપાસના મુખ્ય માર્ગોની હાલત પણ કફોડી બની છે. વલસાડ શહેરના ઔરંગા નદી પરનો ઓવરબ્રિજ અને છીપવાડ રેલવે ગરનાળુ સતત પાણી ભરાવા અને રસ્તો બિસ્માર થવાના કારણે સ્થાનિકો અને વાહન ચાલકો અને રોજમદા કામદારોને આવવા જવામાં મુશ્કેલ બની છે. મુખ્ય માર્ગ પર ઠેર ઠેર ખાડાઓ પડી જતાં આ રસ્તેથી પસાર થતા દૈનિક મુસાફરો અને વાહનચાલકો ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે. વરસાદથી ખેતીપાકને ફાયદો જરૂર થયો છે,

પરંતુ વાહનચાલકોને પડી રહેલી પારાવાર મુશ્કેલીઓને જોતાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રસ્તાઓનું પેચવર્ક હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## વાપી હાઈવે પર ટ્રાફિકને અડચણરૂપ ૨ વાહનચાલક સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી ટ્રાફિક પોલીસે બે અલગ-અલગ કેસમાં ટ્રાફિકને અડચણરૂપ અને ભયજનક ડ્રાઈવિંગ કરનારા ચાલકો સામે કાર્યવાહી કરી છે.

પ્રથમ કેસમાં એ.હે.કો. વિષ્ણુભાઈ દેસાઈએ વૈશાલી બ્રિજ પાસે TVS શોરૂમ સામે જાહેર રોડ પર આઈસર ટેમ્પો GJ-27-TJ-1498 ને ભયજનક રીતે પાર્ક કરી રાહદારીઓ અને વાહનોને અડચણરૂપ કરનાર ચાલક વિશ્રામ લાલુ આહીર (૫૦)નું વાહન કબ્જે કરી ૭ફ૯ ૨૮૧ હેઠળ ગુનો નોંધ્યો છે. બીજા કેસમાં બલીઠા જકાતનાકા બ્રિજ પર રોંગ સાઈડમાં છોટા હાથી GJ-15-AZ-0186 પુરઝડપે હંકારતા ચાલક કામરાન અંસારી (૨૬, ડુંગરી) ને એ.હે.કો. સતિષચંદ્રે ઝડપી ૭ફ૯ ૨૮૧ અને MV એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential — VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • — LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10



12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## પશ્ચિમ તરફના સ્લેબ અને એપ્રોચ રોડનું કામ પૂર્ણ

## ત્રણ દિવસે મોરાઈ રેલ્વે ઓવરબ્રિજ ખુલ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના અતિ વ્યસ્ત મોરાઈ રેલ્વે ઓવરબ્રિજને પશ્ચિમ તરફના સ્લેબ અને એપ્રોચ રોડના સમારકામ માટે ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવ્યો હતો, જે આજે સોમવારે કામ પૂર્ણ થતાં ફરી વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ બ્રિજ હાઈવેથી શહેરમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ છે, જ્યાંથી રોજ હજારો ફોરવ્હીલર, બાઈક અને માલવાહક વાહનો પસાર થાય છે. બ્રિજ બંધ રહેતા છેલ્લા ત્રણ દિવસથી વાહનચાલકોને ફરજિયાત બલીઠા અંડરપાસ તરફ ફંટાવું પડ્યું હતું, જેના કારણે ત્યાં ટ્રાફિકનું ભારે ભારણ અને ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

## વિઘ્નહર્તાના આગમન ટાંણે જ વાપી બજારમાં વિજળીનું વિઘ્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** ગણેશોત્સવ જેવા તહેવાર ટાણે વાપીના મુખ્ય બજાર રોડ પર સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હોવાથી સ્થાનિક વેપારીઓ અને ગણેશોત્સવ આયોજકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

રવિવારે રાત્રે મુખ્ય બજાર રોડની તમામ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સમગ્ર વિસ્તારમાં આખી રાત અંધારપટ છવાયો હતો. જેના કારણે અહીંના રહીશો,ગણપતિ ઉત્સવની તૈયારી કરતા ભક્તો, ખરીદી કરવા આવેલા ગ્રાહકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અંધારાને કારણે વાહનચાલકોને પણ મુશ્કેલી પડી હતી. વેપારીઓનું કહેવું છે કે તહેવારની સિઝનમાં બજારમાં ભારે ભીડ રહે છે, ત્યારે લાઈટ બંધ હોવાથી ધંધા-રોજગાર પર પણ અસર પડે છે અને સુરક્ષાનો પણ પ્રશ્ન ઉભો થાય છે. ગણેશ મંડળોના આયોજકોએ પણ તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી છે.

મહાનગરપાલિકા તંત્ર તાત્કાલિક ધોરણે સ્ટ્રીટ લાઈટ ચાલુ કરે તેવી સ્થાનિકો અને વેપારીઓએ માંગ કરી છે.

જોઈએ છે
ડીલીવરી બોય (વાપી એરિયા માટે)
લાયસન્સ હોવુ જરુરી છે
રૂબરૂ મળો
જરીવાલા કનેક્ટ એલએલપી શોપ નં. જી.એ. ૦૫/૦૬, સોલીટર બિઝનેસ સેન્ટર, સેલવાસ રોડ, ડીસીબી બેંકની સામે, વાપી - ૩૯૬૧૯૧
Mo.9979895350

## પારડીમાં 'કાઉ ડંગ'માંથી ઈકો ફ્રેન્ડલી ગણેશની સ્થાપના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)




**પારડી, તા. ૧૪ :** પારડી સાથે તાલુકાના ગામડાઓમાં આજરોજ ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે શ્રીજીની પ્રતિમા વિધિવત હિન્દુ ધાર્મિક પરંપરા મુજબ ગણેશ મંડળોમાં સ્થાપિત કરવામાં આવી હતી. લગભગ સમગ્ર તાલુકામાં હજારથી વધારે નાની મોટી પ્રતિમાઓની ગણેશ મંડળોમાં ભક્તોએ સ્થાપના કરી છે.

ખાસ બાબત તો આ છે કે પારડીમાં પહેલી વખત વલસાડીઝાપા ગણેશ મંડળમાં ગાયના છાણમાંથી બનાવેલ મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. પારડી બાલાખાડીના રાજા, ચાર રસ્તાના રાજા, દમણી ઝાંપા ત્રણ રસ્તાના રાજા સહિત પારડીના અન્ય તમામ વિસ્તારોમાં વિશાળ પ્રતિમાઓ અને શ્રીજીની આજે પરંપરાગત રીતે હિન્દુ ધાર્મિક વિધિ પ્રમાણે બ્રાહ્મણના મંત્રોચાર સાથે સ્થાપિત કરવામાં આવી હતી. દરેક મંડળોમાં કથા, પૂજન અને આરતી કરવામાં આવી હતી. શ્રીજીને ભોગ ધરાવવામાં આવ્યો હતો.



આ સિવાય તાલુકાના ગામડાઓ ઉદવાડા રેલવે સ્ટેશન, ઉદવાડાગામ, ઉમરસાડી, કોલક, પરિયા, ટુકવાડા, બગવાડા, મોટા વાઘછીપા સહિત પંથકના ગામડાઓમાં વિશાળ સંખ્યામાં નાની મોટી મૂર્તિઓ વિધિવત પુજા આરતી સાથે આજે સ્થાપિત કરવામાં આવી હતી. સાથે ભક્તોએ આ સાથે ગણેશ ઉત્સવની શરૂઆત કરી છે. હવે વિવિધ પ્રોગ્રામો યોજાશે ત્યારે મંગળવારે એક દિવસના શ્રીજીની પ્રતિમાનું વિસર્જન પાર નદી અને અન્ય વિસ્તારોમાં થનાર છે. ગણેશ સ્થાપના સાથે ભકિતમય માહોલ સર્જાયો છે.




**NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા

## સાપુતારાના સર્પગંગા તળાવમાં જર્જરિત બોટિંગનો મુદ્દો ગરમાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૪ :** ગિરિમથક સાપુતારાના સર્પગંગા તળાવમાં પ્રવાસીઓ માટે ચાલતુ નૌકાવિહાર હવે રોજેરોજ વિવાદોના ઘેરામાં આવી રહ્યુ છે.સર્પગંગા તળાવમાં જર્જરિત અને વર્ષો જૂની બોટોના ઉપયોગનો મુદ્દો પ્રકાશમાં આવ્યા બાદ પ્રવાસીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વર્ષો જૂની અને ઘસાઈ ગયેલી બોટોમાં પ્રવાસીઓને બેસાડી વરસાદ, ધુમ્મસ અને પ્રતિકૂળ હવામાન વચ્ચે પણ નૌકાવિહાર ચાલુ રાખવામાં આવતો હોવાના આક્ષેપો વચ્ચે તંત્રની દેખરેખ અને સલામતી વ્યવસ્થા સામે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. સર્પગંગા તળાવ સાપુતારાનું મહત્વનું પ્રવાસન સ્થળ હોવાથી દરરોજ મોટી સંખ્યામાં પ્રવાસીઓ નૌકાવિહારનો આનંદ માણવા પહોંચે છે. હાલ ચોમાસાની ઋતુમાં સાપુતારામાં અવારનવાર ધોધમાર વરસાદ સાથે ગાઢ ધુમ્મસ છવાઈ જાય છે. આવા સમયે તળાવ પર દ્રશ્યતા ઘટી જતી હોવા છતાં નૌકાવિહાર ચાલુ રાખવામાં આવે તો પ્રવાસીઓની સલામતી સામે જોખમ ઊભું થઈ શકે છે. ખાસ કરીને બોટમાં બાળકો અને પરિવાર સાથે આવેલા પ્રવાસીઓની સંખ્યા વધુ હોય છે.ત્યારે નાની સરખી બેદરકારી પણ ગંભીર દુર્ઘટનામાં પરિણમી શકે છે. પ્રવાસીઓની સુરક્ષા માટે બોટની ફ્લોટેશન સિસ્ટમ, લાઈફ જેકેટ, બોટની મજબૂતી, એન્જિન, સ્ટિયરિંગ સિસ્ટમ તેમજ અન્ય બચાવ સાધનોની નિયમિત તપાસ થવી જરૂરી છે. પરંતુ આ તમામ સલામતી વ્યવસ્થાઓની ખરેખર કેટલા સમયાંતરે તપાસ થાય છે અને છેલ્લે ક્યારે ટેકનિકલ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું તે અંગે પારદર્શિતા જાળવવી પણ એટલી જ જરૂરી બની છે.સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો નૌકાવિહાર માટે ઉપયોગમાં લેવાતી બોટો વર્ષોથી સેવા આપી રહી હોય તો તેમની ફિટનેસ અને સલામતી અંગે નિયમિત પ્રમાણપત્રો મેળવવામાં આવ્યા છે કે નહીં? પ્રવાસન સ્થળ તરીકે સાપુતારાની પ્રતિષ્ઠા જાળવવા માટે માત્ર પ્રવાસીઓની સંખ્યા અને આવક વધારવા કરતાં તેમની સુરક્ષાને વધુ મહત્વ આપવું જરૂરી છે. તંત્ર દ્વારા સર્પગંગા તળાવમાં નૌકાવિહાર માટે ઉપયોગમાં લેવાતી તમામ બોટોનું સંપૂર્ણ ટેકનિકલ નિરીક્ષણ કરાવવામાં આવે અને જરૂરી જણાય તો જર્જરિત બોટોને સેવામાંથી દૂર કરી નવી અથવા સંપૂર્ણપણે ફિટ બોટ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ન થાય અને નૌકાવિહાર ફરી શરૂ કરતાં પહેલાં તમામ સલામતી માપદંડોનું કડક પાલન કરવામાં આવે તેવી માંગ પ્રવાસીઓ તેમજ સ્થાનિકોમાંથી ઉઠી રહી છે.

## બીલીમોરામાં શ્રી પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘ વાર્ષિક સભા મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** શ્રી પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘ ની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૬ ૯-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૦ કલાકે શ્રી પારસી સમાજ હોલ બીલીમોરા ખાતે પ્રમુખ વિશાલભાઈ ટંડેલ ની અધ્યક્ષતામાં મળી હતી જેમાં ૧૦૦ જેટલા સભાસદો એ હાજરી આપી હતી. સર્વપ્રથમ માજી પ્રમુખ સ્વર્ગીય ચંપકભાઈ ટંડેલ તથા સ્વર્ગીય રાજેશ્રીબેન અને સમાજ તથા રાષ્ટ્રના શહીદોને મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દીપ -નગટ્ય મહાસંગના પ્રમુખ વિશાલભાઈ ટંડેલ અને હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાગત ઉદબોધન મહાસંઘના મહામંત્રી ઈશ્વરભાઈ એમ ટંડેલ દ્વારા કરવામાં આવ્યું. સભામાં પ્રાર્થના ગીત હરીશભાઈ ટંડેલ બીલીમોરા દ્વારા તથા મિટિંગ મિનિટનું વાંચન અહવાલ અને હિસાબ મહાસંઘના મહામંત્રી ગીરીશભાઈ ટંડેલ દ્વારા કરવામાં આવી હતી. આ વાર્ષિક સામાન્ય સભામાં મહાસંઘના મહામંત્રી પદે થી સેવાથી સ્વેચ્છા નિવૃત્તિ લીધેલ ઠાકોરભાઈ પટેલ ની સેવાને બિરદાવી હતી અને એમના કુશળ સ્વસ્થાને જીવનની શુભેછા પાઠવા માં આવી હતી.




મહાસંઘના અનેકો મહાનુભવોએ સમાજની એકતાની વાતો કરી. સમાજ ને ખુટા ફિશીંગ થી થતા નુકશાન વિશે સરકારશ્રી ને રજૂવત . માછીમારો ની જમીન નામે કરવા બાબત. માછીમારો ની દરિયા ખેડૂત ના દરજો આપવા બાબત . દરિયામાં ઈન્ડસ્ટ્રી દ્વારા પોલ્યુટડ પાણી ડિસ્ચાર્જ કરવા બાબત તથા હાલ માં દક્ષણ ગુજરાત ના વલસાડ, નવસારી અને સુરત માં અતિ ભારે વરસાદ અને પાણી ભરવાના કારણે થયેલ બોટ, જિંગા તળાવ તથા મકાન ને નુકશાનમાં સરકારી સહાય બાબતે સરકારને સર્વશ્રેષ્ઠ મંત્રી અને અધિકારીઓ ને રજૂવત બાબતે ચર્ચા થયી હતી. મહાસંઘની આ સભામાં ગત જિલ્લા પંચાયતની ચૂંટણી માં માછી સમાજ ની રાજકીય પાર્ટી દ્વારા અનદેખી કરવામાં આવી પ્રતિનિધિત્વ કરવા નો મોકો નહીં આપવા બાબતે ચિંતા વ્યક્ત કરી નક્કી કરેલ કે આગામી ગુજરાત વિધાનસભા ૨૦૨૭ ની ચૂંટણીમાં વલસાડ, નવસારી અને સુરત જિલ્લા ના કાંઠા વિસ્તાર થી ૩ થી ૪ સીટો પર રાજકીય પાર્ટી માછી સમાજ ને પ્રતિનિધિત્વ કરવા નો અવસર આપે એવી અપીલ કરવા સામાજિક મહાસંમેલન કરવાનો નિર્ણય લવાયો હતો.

મહાસંઘની આ સામાન્ય વાર્ષિક સભામાં સંગઠન ઉપપ્રમુખ નારણભાઈ ટંડેલ, ભરતભાઈ ટંડેલ, જે કે ટંડેલ, માછી સમાજ પ્રગતિ મંડળ ના મહામંત્રી સાગરભાઈ ટંડેલ, કુંદનભાઈ ટંડેલ તથા અન્ય સભાસદો એ સમાજની એકતા અને અખંડતા માટે પોતાના વિચાર પ્રસ્તુત કર્યા હતા.

આ સભામાં મહાસંઘના સંગઠન મહામંત્રી મથુરભાઈ ટંડેલ, ઉપપ્રમુખ મુકેશભાઈ ભાઠેલા, વિપુલાબેન મિસ્ત્રી, ચંદ્રવદનભાઈ ટંડેલ, વિજયભાઈ ટંડેલ, ઉપેન્દ્રભાઈ ટંડેલ, અમૃતભાઈ ટંડેલ, દલપતભાઈ ટંડેલ, જગદીશભાઈ ટંડેલ, હરીશભાઈ ટંડેલ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સામાન્ય સભામાં મંચનું સંચાલન રાજેશભાઈ ટંડેલ કડૈયા માછી સમાજ પ્રમુખ દ્વારા કરવામાં આવયુ હતું. અંતે મહાસંઘના મહામંત્રી આઈ એમ ટંડેલ દ્વારા રાષ્ટ્રગીતના ગાન સાથે સમાપન કરાવ્યું હતું.

## ઉનાઈથી વડનગર સેવાયાત્રા બાઈક રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી

### ૧૭મી સપ્ટેમ્બરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મહાઆરતી અને જલાભિષેક યોજાશે



**નવસારી, તા. ૧૪ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્ર અને પ્રજા પ્રત્યેની સતત, અવિરત અને અવિરામ સેવાની ૨૫ વર્ષની સંકલ્પબદ્ધ સફર નિમિત્તે સમગ્ર રાજ્યમાં 'સેવા સંકલ્પ અભિયાન' (૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર) હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે આજે નવસારી જિલ્લાના પવિત્ર યાત્રાધામ ઉનાઈ માતાજીના મંદિર ખાતેથી બાઈક રેલીને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રા ઉનાઈથી નીકળી તાપી, સુરત, નર્મદા, વડોદરા, અમદાવાદના વિસ્તારોમાં ફરીને તા.૧૬મીએ વડનગર પહોચશ આ પ્રસંગે કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાના જાહેર જીવનમાં એક પણ દિવસની રજા લીધા વિના સતત ૨૫ વર્ષ સુધી રાજ્યના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે જનસેવા અને રાષ્ટ્ર સમર્પણનો અજોડ દાખલો બેસાડ્યો છે.

આ યાત્રા કોઈ ઉજવણી નથી પરંતુ સેવા અને સમર્પણનો સંકલ્પ દોહરાવવાનો એક પવિત્ર અવસર છે. આ યાત્રા યુવા પેઢી માટે સમાજસેવા, રાષ્ટ્રભાવના અને સંસ્કાર શીખવાની એક મહત્વપૂર્ણ તક બની રહેશે.

આ અવસરે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૧૩ વર્ષ અને દેશના પ્રધાનમંત્રી તરીકે ૧૨ વર્ષ એમ કુલ ૨૫ વર્ષના સફળ શાસન અને સમર્પિત સેવાયાત્રાની ઉજવણીના ભાગરૂપે એક માસ સુધી વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે મંત્રી અને મહાનુભાવોએ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે આદિવાસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ તથા પૂર્વ કેબિનેટ મંત્રી ગણપતભાઈ વસાવા, જિલ્લા અધ્યક્ષ ભૂરાભાઈ શાહ, ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, પ્રદેશ મંત્રી કૈલાસબેન, યુવા મોરચાના હોદ્દેદારો વિશાલભાઈ, શૈલેષભાઈ, સંજયભાઈ, ઉમંગભાઈ નાયક, ચિરાગભાઈ પટેલ, પીયૂષભાઈ પટેલ, લોચન શાસ્ત્રી, વિક્રમ તરસાડીયા, મહેન્દ્ર દેસાઈ તેમજ મોટી સંખ્યામાં હોદ્દેદારો, યુવાનો અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા



સતત વરસી રહેલા વરસાદના કારણે ડાંગ જિલ્લાનું કુદરતી સૌંદર્ય પણ સોળે કળાએ ખીલી ઊઠ્યું છે.જંગલ વિસ્તાર તેમજ માર્ગોની આસપાસ આવેલા અનેક ઝરણા ફરી સક્રિય બન્યા છે.અંબિકા નદીમાં પાણીની આવક વધતા વઘઇ નજીકનો પ્રસિદ્ધ ગીરાધોધ પણ સક્રિય બન્યો છે. અને ધોધનું નયનરમ્ય દ્રશ્ય જોવા મળી રહ્યું છે. વરસાદી માહોલ વચ્ચે ગિરિમથક સાપુતારામાં પણ પ્રવાસીઓનો મેળાવડો જામ્યો હતો.

### સોશિયલ મીડિયાથી મળેલી બાતમી પર નવસારી બાળ સુરક્ષા એકમની ત્વરિત કામગીરી

## નવસારીમાં DCPU દ્વારા ૫ બાળકોનું સફળ પુનઃસ્થાપન કરાયું

**નવસારી, તા. ૧૪ :** નવસારી જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સોશિયલ મીડિયા મારફતે મળેલી માહિતી પર તાત્કાલિક અને અસરકારક કામગીરી કરીને મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલા બે અલગ-અલગ પરિવારના કુલ પાંચ બાળકોનું સુરક્ષિત પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. તા.૧૫/૦૭/૨૦૨૬ના રોજ ઈન્સ્ટાગ્રામ મારફતે મળેલી બાતમીના આધારે જિલ્લા બાળ સુરક્ષા ટીમ દ્વારા વાંસદા તાલુકાના ગામની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. તપાસ દરમિયાન ઉંમર ૧૧, ૮ અને ૬ વર્ષની વયના બે દીકરા અને એક દીકરી કાકા સાથે રહેતા હોવાનું જણાયું હતું. બાળકોના પિતાનું અવસાન થયું હતું. પારિવારિક વિવાદને કારણે માતા પિયર રહેતા હતા. જીલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા માતાની મુલાકાત કરવામાં આવી તેમજ માતા અને કાકાનું સંવેદનશીલ કાઉન્સેલિંગ કરી બાળકોના શ્રેષ્ઠ હિતને પ્રાથમિકતા આપવામાં આવી. માતાની ઈચ્છા મુજબ બાળકો પોતાનાથી નજીક રહે અને સરળતાથી મળી શકે તે હેતુથી ચીખલી તાલુકાની હોસ્ટેલમાં ત્રણેય બાળકોને અનુક્રમે ધોરણ ૬, ૩ અને ૨ માં વિનામૂલ્યે અભ્યાસ, રહેવા તથા જમવાની વ્યવસ્થા સાથે પ્રવેશ અપાવવામાં આવ્યો. એક જ પરિસરમાં ત્રણેય બાળકોનું સુરક્ષિત પુનઃસ્થાપન થતાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય સાથે માતા-બાળકોનો લાગણીસભર સંબંધ પણ જળવાઈ રહ્યો છે. માહે જૂન-૨૦૨૬માં સોશિયલ મીડિયાથી મળેલી અન્ય એક માહિતી અન્વયે વાંસદા તાલુકાના એક ગામે તપાસ કરતા માર્ગ અકસ્માતમાં માતા-પિતા બંનેનું અવસાન થતાં ૧૦ વર્ષનો દીકરો (ધોરણ-૬) અને ૫ વર્ષની દીકરી (બાલવાટિકા) અનાથ બન્યા હોવાનું સામે આવ્યું હતું. બાળકોનો એકમાત્ર આધાર તેમના વૃદ્ધ દાદી હતા.જેથી બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા જીલ્લા બાળ સુરક્ષા એકમ, નવસારી દ્વારા તાત્કાલિક શાળા તથા સરપંચનો સંપર્ક કરી જરૂરી દસ્તાવેજોની પૂર્તતા કરાવી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રયાસોથી બંને બાળકો માટે પાલક માતાપિતા યોજના અંતર્ગત જૂન-૨૦૨૬થી જ બાળક દીઠ માસિક રૂ.૩,૦૦૦/- લેખે બંને બાળકોના કુલ રૂ.૬,૦૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી હતી. આ સહાયથી દાદીને બાળકોના પાલનપોષણ અને શિક્ષણ માટે આર્થિક રાહત મળી હોવાથી દાદી દ્વારા ટીમને સહર્ષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, માહિતી આપનાર સોશિયલ મીડિયાના પ્રતિનિધિનો રૂબરૂ સંપર્ક કરી આભાર માનવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ મુશ્કેલીમાં મુકાયેલા બાળકોની ઓળખ જાહેર કર્યા વગર તાત્કાલિક જીલ્લા બાળ સુરક્ષા એકમ અથવા બાળકો માટે ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન ૧૦૯૮ ઉપર જાણ કરવા સમજ આપવામાં આવી હતી. સોશિયલ મીડિયાના સકારાત્મક ઉપયોગ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ, નવસારીની સમયસૂચકતાના પરિણામે મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલા પાંચ બાળકોનું ભવિષ્ય સુરક્ષિત બન્યું છે.

## વઘઈની ડાંગ મિત્ર લાઈબ્રેરીમાં પરીક્ષાર્થીઓને માર્ગદર્શન અપાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૪ :** જિલ્લાનાં વઘઇ ખાતે આવેલી ડાંગ મિત્ર લાઇબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા યુવક-યુવતીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પી.આઇ.કિરણભાઈ પાડવી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારોને અભ્યાસ, પરીક્ષાલક્ષી આયોજન, સમયનું યોગ્ય વ્યવસ્થાપન તેમજ મહેનત અને શિસ્તના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. પી.આઇ. કિરણ પાડવીએ યુવક-યુવતીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે સતત અભ્યાસ, યોગ્ય દિશામાં પ્રયત્નો અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. તેમણે યુવાનોને પોતાના લક્ષ્ય પ્રત્યે પ્રતિબદ્ધ રહીને જ્ઞાન અને કૌશલ્યમાં સતત વધારો કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ડાંગ મિત્ર લાઇબ્રેરીના સંચાલક બ્રિજેશ ઠાકર તેમજ ટ્રેકર દિવ્યેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવક-યુવતીઓએ માર્ગદર્શન મેળવ્યું હતું અને અભ્યાસ સંબંધિત વિવિધ બાબતો અંગે ચર્ચા કરી હતી.

## આહવા ઘટક આઈ.સી.ડી.એસ. દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં રંગોળી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૪ :** મહિલા અને બાળ વિકાસ વિભાગ, ડાંગ સંચાલિત આઈ.સી.ડી.એસ. આહવા ઘટક હેઠળના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં 'રાષ્ટ્રીય પોષણ માહ-૨૦૨૬'ની ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય સેવિકા તથા આંગણવાડી કાર્યકરો દ્વારા રંગોળીના માધ્યમથી આહારમાં પ્રોટીનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ સાથે 'ટેક હોમ રાશન' (THR)માંથી બનતી પૌષ્ટિક વાનગીઓ અને તેના નિયમિત ઉપયોગથી થતા આરોગ્યપ્રદ લાભો વિશે જાગૃતિ કેળવવામાં આવી હતી.

'આપણી આંગણવાડી, આપણી જવાબદારી' થીમ આધારિત પોષણ માસ અંતર્ગત મુખ્ય પાંચ વિષયો પર લાભાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## આહવા સખી વન સ્ટોપ સેન્ટરના ૭ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કાર્યક્રમ યોજાયો

**આહવા, તા. ૧૪ :** આહવા ખાતે મહિલાઓની સુરક્ષા, સહાય અને સશક્તિકરણ માટે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરના ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ડાંગ જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષા કમળાબેન હીરાભાઈ રાઉતના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. મનીષાબેન મુલતાનીના દિશાદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન પટેલ, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષા ચંદ્રકલાબેન ગાવિત, કારોબારી સમિતિના અધ્યક્ષા યોગિતાબેન, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષા સુંદરબેન ચૌધરી,



મહિલા પોલીસ સ્ટેશન, આહવાના PSI શેફાલી ટંડેલ, જિલ્લા પંચાયત સદસ્ય સ્નેહલભાઈ ઠાકરે, તાલુકા પંચાયતના સદસ્યો, કોર્ટના સભ્યઓ તેમજ મીડિયા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા સાત વર્ષ દરમિયાન કરવામાં આવેલી કામગીરીમાં કુલ ૧૦૫૭ મહિલાઓનું જરૂરી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ૩૨૬ મહિલાઓને અસ્થાયી આશ્રય, ૨૫૦ મહિલાઓને કાનૂની સહાય, ૭૯ મહિલાઓને તબીબી સહાય અને ૨૬ મહિલાઓને પોલીસ સેવા પૂરી પાડવામાં આવી છે. સફળ બનાવવા માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ડાંગ તથા સખી વન સ્ટોપ સેન્ટર, આહવાના તમામ કર્મચારીઓ દ્વારા વિશેષ જહેમત ઉઠાવવામાં આવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૫-૦૯-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** શ્રાવણ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૦ **સૂર્યાસ્ત** ૦૬ :૩૯, **ચંદ્રોદય** - ૧૦:૦૮ **ચંદ્રાસ્ત** - ૦૯:૧૪ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - સ્વાતિ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આ દિવસે તમારે તમારી કરિયર અને અંગત જીવનમાં સંતુલન રાખવાની જરૂર છે. વાતચીતમાં થોડી નમ્રતા અને સમજદારી રાખવાથી સંબંધો વધુ મજબૂત થશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજે આર્થિક બાબતોમાં તમને શાનદાર અને નવા અવસરો મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે તમારા મનમાં ઉત્સાહ અને કામ કરવાની ઝડપ ઘણી વધારે જોવા મળશે.

**કર્ક (ડ, હ) :** પ્રેમ સંબંધોની દ્રષ્ટિએ આ દિવસ ખૂબ જ રોમેન્ટિક અને અનુકૂળ સાબિત થશે.

**સિંહ (મ, ટ) :** આજે બિઝનેસમાં સ્પર્ધકો અથવા વિરોધીઓ તરફથી થોડો સામનો કરવો પડી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમારી રાશિમાં બુધનું ભ્રમણ હોવાથી તમારી નિર્ણયશક્તિ પ્રબળ બનશે.

**તુલા (ર, ત) :** તમારી જ રાશિમાં ચંદ્ર અને શુક્રનું ભ્રમણ હોવાથી સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ વધી શકે છે. તમારી વાણી અને વ્યવહારથી તમે આસપાસના લોકોને સરળતાથી પ્રભાવિત કરી શકશો.

**વૃશ્ચિક (ન, ય) :** આજે તમારે તમારા છુપા અથવા અણધાર્યા ખર્ચાઓ પર વિશેષ નિયંત્રણ રાખવું પડશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા મિત્રો અને વ્યવસાયિક સાથીઓ તરફથી સારો આર્થિક લાભ થવાના યોગ છે. કરિયરમાં નવી અને યોગ્ય યોજનાઓ બનાવવાથી લાંબા ગાળે મોટો ફાયદો થશે.

**મકર (ખ, જ) :** આજે તમને નોકરી અથવા વ્યવસાયમાં કોઈ મોટી જવાબદારી કે નવી તક મળી શકે છે. નિયમિત બચત કરવાની તમારી આદત આજે નાણાકીય મુશ્કેલીઓથી બચાવશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે કોઈ પણ નવું કામ શરૂ કરતા પહેલાં વિચારીને જ ડગલું આગળ ભરવું. ધાર્મિક કે આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધશે અને મન શાંત રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** કાર્યસ્થળ પર આજે જવાબદારીઓનો બોજ થોડો વધારે વર્તાઈ શકે છે. અગાઉ અટકેલા કે અધૂરા રહેલા કાર્યોને પૂરા કરવા માટે વધુ મહેનત કરવી પડશે.

## દમણ રેડિયો

**102.3 FM**

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 5 | 1 | 8 | 3 | 6 | 7 | 2 | 9 |
| 7 | 6 | 9 | 5 | 4 | 2 | 8 | 1 | 3 |
| 3 | 8 | 2 | 7 | 1 | 9 | 5 | 6 | 4 |
| 8 | 7 | 4 | 9 | 5 | 1 | 6 | 3 | 2 |
| 6 | 9 | 5 | 4 | 2 | 3 | 1 | 8 | 7 |
| 1 | 2 | 3 | 6 | 8 | 7 | 9 | 4 | 5 |
| 9 | 3 | 6 | 2 | 7 | 8 | 4 | 5 | 1 |
| 2 | 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 |
| 5 | 1 | 7 | 3 | 6 | 4 | 2 | 9 | 8 |

# બલીઠા પ્રા. શાળાના શિક્ષકનું જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે બહુમાન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારની બલીઠા પ્રાથમિક શાળાના શિક્ષક જયેશકુમાર ઠાકોરભાઈ ટંડેલને શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ વલસાડ જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.



જયેશકુમાર ટંડેલ છેલ્લા ૧૩ વર્ષથી બલીઠા પ્રાથમિક શાળામાં ધોરણ ૬થી ૮માં સામાજિક વિજ્ઞાન વિષયનું શિક્ષણ આપી રહ્યા છે. તેઓ ટેકનોલોજી અને પ્રવૃત્તિમય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત નવીન પ્રયોગો કરી રહ્યા છે. છેલ્લા છ વર્ષથી ઈનોવેશનમાં ભાગ લઈ તેમના બે ઈનોવેશન ઝોન કક્ષાએ અને એક રાજ્ય કક્ષાએ પસંદ થયા છે. વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક વિજ્ઞાન આધારિત આશરે ૨૦૦ વીડિયો તેમજ નકશા આધારિત ટી-શર્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. તેઓ છેલ્લા ત્રણ વર્ષથી સામાજિક વિજ્ઞાન વિષયમાં રાજ્યના RP અને જિલ્લા તજજ્ઞ તરીકે તેમજ છેલ્લા નવ વર્ષથી પ્રશ્નપત્ર નિર્માણની કામગીરી કરી રહ્યા છે. અગાઉ વર્ષ ૨૦૨૨માં તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પણ તેમનું સન્માન થયું હતું. શિક્ષક દિન નિમિત્તે વલસાડ ખાતે કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ધારાસભ્ય ભરતભાઈ પટેલના હસ્તે તેમને જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર એનાયત કરાયો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર નીતિન સાગવાન, પ્રાંત અધિકારી નિરવભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પંચલાઈમાં સાંસ્કૃતિક અને લોક જાગૃતિ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ )

**ચીવલ, તા.૧૩ :** વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિત્તે પારડી તાલુકાના પંચલાઈ ગામે રાષ્ટ્રીય મૂળનિવાસી સંઘ (દક્ષિણ ગુજરાત) દ્વારા સાંસ્કૃતિક અને લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત નિવૃત્ત શિક્ષક નવીનભાઈ પટેલ દ્વારા પ્રકૃતિ પૂજા સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમ RMS તથા IICA, દિલ્હી સંયોજક અને રાષ્ટ્રીય પ્રબોધક તારારામ મેહણાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં આદિવાસી સમાજના આગેવાનો, યુવાનો, મહિલાઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તારારામ મેહણાએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજે પોતાની ઓળખ, સંસ્કૃતિ અને બંધારણીય અધિકારો અંગે જાગૃત બનવાની જરૂર છે. જળ, જંગલ અને જમીન સાથે આદિવાસી સમાજનો ઐતિહાસિક સંબંધ રહ્યો છે. નવી પેઢીએ શિક્ષણ મેળવી સંગઠિત બની લોકતાંત્રિક રીતે પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવવો જોઈએ.

મણિલાલ ભૂંસારાએ બંધારણે આપેલા અધિકારો અને રક્ષણ અંગે જાગૃતિ સાથે ભાષા, સંસ્કૃતિ અને પરંપરાના જતન પર ભાર મૂક્યો હતો.

નિવૃત્ત મામલતદાર જીવણભાઈ ચૌધરીએ શિક્ષણ, અનામત તેમજ જળ-જંગલ-જમીનના અધિકારો અંગે સમાજને સંગઠિત થવા આહ્વાન કર્યું હતું. વિજયભાઈ ચૌહાણે મહાનુભાવોની વિચારધારાને જીવનમાં ઉતારી વાણી, વર્તન અને વ્યવહારમાં એકરૂપતા જાળવવાની વાત કરી હતી. ચંપકભાઈ વાઢવાએ યુવાનોને સરકારી નોકરી સાથે ઉદ્યોગ, વેપાર અને સ્વરોજગાર તરફ આગળ વધવા તથા ૨૯ પેટા જાતિઓને સંગઠિત થવા હાકલ કરી હતી.હીનાબેન નિકુળીયાએ મહિલાઓને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી કરવા અને બાબાસાહેબ આંબેડકરના વિચારો સમજવા જણાવ્યું હતું. ખુશાલભાઈ વાઢુંએ મહિલાઓ સહિત સમગ્ર સમાજને જળ, જંગલ અને જમીનના અધિકારો માટે એકજૂથ થવા આહ્વાન કર્યું હતું.

હરીશ પટેલે શિક્ષણ વ્યવસ્થાના મહત્વ અંગે ચિંતા વ્યક્ત કરી સરકારી શાળાઓ, શિક્ષકોની અછત અને શિષ્યવૃત્તિમાં અસમાનતાના મુદ્દે જાગૃતિ લાવવાની જરૂરિયાત દર્શાવી હતી. તેમણે બાબાસાહેબ આંબેડકર, બિરસા મુંડા અને સાવિત્રીબાઈ ફુલેના વિચારોને જીવનમાં ઉતારવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના સફળ આયોજનમાં બળવંતભાઈ પટેલ, ધર્મેશભાઈ પી. પટેલ, નિલેશભાઈ નિકુળિયા, રાકેશભાઈ આર. પટેલ, નવીનભાઈ જી. પટેલ, હરેશભાઈ પટેલ સહિત રાષ્ટ્રીય મૂળનિવાસી સંઘ (દક્ષિણ ગુજરાત) તથા સહયોગી સંગઠનોના કાર્યકરોએ સહયોગ આપ્યો હતો.

## વલસાડ કલેકટર કચેરી ખાતે નાણાં મંત્રીકનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક મળી

# વલસાડ જિલ્લામાં આદિજાતિ વિકાસ માટે ૧૮૮૮ વિકાસકામો હાથ ધરાશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ કલેક્ટર કચેરી ખાતે મળી હતી. જેમાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૬- ૨૭ હેઠળ વલસાડ જિલ્લામાં ૧૮૮૮ કામો માટે કુલ રૂ. ૧૦૬.૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં આદિજાતિ વિસ્તાર માટે કુલ રૂ. ૧૦૪.૮૬ કરોડ તેમજ છુટા છવાટા વિસ્તાર માટે કુલ રૂ. ૧.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર નીતિન સાંગવાન પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. બેઠકમાં ન્યુ ગુજરાત પેટર્ન ૯૬ ટકા વિવેકાધિન સંભવિત જોગવાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લામાં ધરમપુર, કપરાડા, નાનાપોંઢા, પારડી, ઉમરગામ, અટગામ પોકેટ અને રોણવેલ પોકેટમાં વસતા આદિજાતિ સમાજના લોકોની સુખ સુવિધા માટે આખા વર્ષ દરમિયાન થનાર વિકાસ કામોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં માર્ગ અને પુલ, નાગરિક પુરવઠો, સામાન્ય શિક્ષણ, તાંત્રિક શિક્ષણ, તબીબી અને જાહેર આરોગ્ય, પાણી પુરવઠા, શ્રમ અને રોજગાર, પોષણ અને મધ્યાહન ભોજન સહિતના વિવિધ વિભાગોના કુલ ૧૮૮૮ કામો માટે કુલ રૂ, ૧૦૪.૮૬ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી આ સિવાય ન્યુ ગુજરાત પેટર્ન છુટા છવાયા વિસ્તાર ૪ ટકા વિવેકાધિન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માં ૨૧ કામો માટે રૂ. ૧૪૨.૩૪ કરોડની સંભવિત જોગવાઈ કરવામાં આવી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૩-૨૪થી વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ મંજૂર થયેલા બાકી કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકરે પાક કૃષિના આયોજન અંગે ચાલી રહેલી ચર્ચામાં જણાવ્યું કે, ખેડૂતોને ખેતીમાં સમય પર કામ આવે તે મુજબ સાધન સહાય આપવી જરૂરી છે. મંત્રી કનુભાઈ દેસાઈએ છેવાડાના લોકો સુધી સરકારની યોજનાનો લાભ મળવો જોઈએ એવુ ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્યો સર્વ ભરતભાઈ પટેલ- વલસાડ, રમણલાલ પાટકર- ઉમરગામ, અરવિંદભાઈ પટેલ- ધરમપુર, જીતુભાઈ ચૌધરી- કપરાડા, તમામ તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકી અને જિલ્લા સંગઠનના પ્રમુખ હેમંત કંસારા સહિત સંગઠનના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોટાપોંઢા કોલેજમાં હિન્દી દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૪ :** શ્રી મુંબાદેવી આર્ટસ એન્ડ શ્રીમતી સુગનીબાય આર ચમારીયા કોમર્સ કોલેજ મોટાપોંઢા માં આજ રોજ આચાર્ય ડો.સતીષભાઈ યુ. પટેલ ના અધ્યક્ષતામાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે કાવ્ય પઠન સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ હિન્દી વિભાગાધ્યક્ષ ડો સતીષભાઇ પટેલે હિન્દી ભાષાનું ગૌરવ અને મહત્વ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિધાર્થીઓ માંથી ટી. વાય. બી. એ. ની વિદ્યાર્થીની છાયા પટેલે હિન્દી ભાષા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ત્યારબાદ કાવ્ય પઠન સ્પર્ધામાં લગભગ ૨૦ વિધાર્થીઓએ કાવ્ય પઠન કર્યું હતું.

જેમાં પ્રથમ ક્રમે પટેલ જીનલ, બીજા ક્રમે કિંજલ વઢીયારા અને ત્રીજા ક્રમે પરીતા પટેલ વિજેતા બન્યા હતા. ડો શીલા પટેલે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન અધ્યાપિકા ઉર્વશી

# નાની તંબાડી જાડા ફ.માં શ્રી ગણેશ યુવા મંડળ દ્વારા ગણેશજીની સ્થાપના કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** નાની તંબાડીના જાડા ફળિયામાં શ્રી ગણેશ યુવા મંડળ દ્વારા પરંપરાગત રીતે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા આ વર્ષે ગણેશજીની સ્થાપનાના ૧૯મા વર્ષ નિમિત્તે ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક પાંચ દિવસીય ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

મંડળના સભ્યો દ્વારા વિધિવત્ પૂજા-અર્ચના સાથે શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. પાંચ દિવસ દરમિયાન ગણેશજીની નિયમિત આરતી, પૂજા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સ્થાનિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગણેશજીના દર્શન અને આરતીનો લાભ લઈ રહ્યા છે. મહોત્સવને સફળ બનાવવા શ્રી ગણેશ યુવા મંડળના સભ્યો તેમજ જાડા ફળિયાના યુવાનો દ્વારા વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. પાંચ દિવસ બાદ ભક્તિભાવપૂર્વક ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે.

# વાપીમાં ૧૫ વર્ષીય જીલ શાહે ૧૧ ઉપવાસની તપસ્યા પૂર્ણ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** જૈન ધર્મના પવિત્ર પર્યુષણ પર્વ દરમિયાન વાપીના કંકુ ચોપડા પરિવારની ૧૫ વર્ષીય જીલ વિનોદભાઈ શાહે ૧૧ ઉપવાસની કઠિન તપસ્યા પૂર્ણ કરી સમાજનું ગૌરવ વધાર્યું છે. નાની ઉંમરે જીલ શાહે ધાર્મિક ભાવના અને આત્મસંયમ સાથે આ કઠિન તપસ્યા પૂર્ણ કરતા જૈન સમાજમાં હર્ષની લાગણી પ્રસરી છે.

આ નિમિત્તે આગામી તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬, બુધવારના રોજ તપસ્વી જીલ શાહના પારણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ વાપી પંથકમાં જૈન ધર્મના વિવિધ વર્ગોના તપસ્વીઓના સન્માન અને અભિવાદન માટે ભવ્ય વરઘોડાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ વરઘોડો વાપીના રાજમાર્ગો પરથી પસાર થશે. જેમાં મોટી સંખ્યામાં જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ તેમજ વાપી તથા તેની આજુબાજુના ગામોમાં વસતા જૈન ધર્મના ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહી તપસ્વીઓનું અભિવાદન કરશે. વાપીમા પર્યુષણ પર્વ દરમિયાન તપસ્યા કરનાર તમામ તપસ્વીઓના સન્માન સાથે સમગ્ર કાર્યક્રમમાં ધાર્મિક અને ભક્તિમય વાતાવરણ સર્જાશે.

# ઉમરસાડીમાં ભાજપની ટિફિન બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૪ :** પારડી તાલુકા ભાજપ મંડળ દ્વારા આજરોજ ઉમરસાડી ગામમાં પૂર્વ ભાજપ પ્રમુખ મહેશભાઈ દેસાઈના નિવાસ સ્થાને ટિફિન બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે આગામી ૧૭ સપ્ટેમ્બર થી શરૂ થનારા પાર્ટીના વિવિધ કાર્યક્રમોની વિસ્તાર થી ચર્ચા કરવામાં આવી હતી આ કાર્યક્ર્મ માં પારડી તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, પૂર્વ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પ્રજ્ઞેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન, મહામંત્રી હરીશભાઈ પટેલ, જીગ્નેશભાઈ ઉદવાડીયા, જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્ય, મોર્ચાના પ્રમુખ મહામન્ત્રી, સરપંચ મિત્રો અને મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં તા. ૨૧ સપ્ટે.થી સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

## સેવાસેતુ કાર્યક્રમ માટે ૨૨ હજારથી વધુ લાભાર્થીઓને આઈડેન્ટીફાય કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે આધારકાર્ડ, રાશનકાર્ડ, આવકના દાખલા સહિતના પાયાના દસ્તાવેજો ખૂબ જ જરૂરી હોય છે. -જાજનોને આવા દસ્તાવેજો તથા વિવિધ સરકારી સેવાઓનો લાભ તેમના રહેઠાણની નજીકના સ્થળે અને શક્ય તેટલી સરળતાથી તથા ઝડપી મળી રહે તે હેતુથી 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત છેલ્લા એક માસમાં વલસાડ જિલ્લામાં ૨૨૬૧૦ લાભાર્થીઓને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે. જેમાં રેશનકાર્ડને લગતી ૪૩૨૬ અરજી, આવકના દાખલા માટે ૩૨૪૫ અરજી અને આધારકાર્ડ ન ધરાવતા ૧૫૦૩૯ બાળકો મળી આવ્યા છે. 'સેવા સેતુ' ના પ્રથમ તબક્કા હેઠળ તા.૦૬/૦૮/૨૦૨૬થી તા.૧૯/૦૯/૨૦૨૬ દરમિયાન તાલુકા કક્ષાએ વિવિધ સેવાઓ અને દસ્તાવેજોને લગતી કામગીરી કરવામાં આવી રહી છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોને જરૂરી પાયાના દસ્તાવેજો તૈયાર કરાવવામાં મદદરૂપ થવાનો તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવા માટેની પ્રક્રિયા સરળ બનાવવાનો છે. પ્રથમ તબક્કામાં રેશનકાર્ડને લગતી અરજીઓ, આવકના દાખલા અને આધારકાર્ડ ન ધરાવતા બાળકોને આ સેવાનો લાભ મળી રહે તે માટે આઈડેન્ટીફાય કરાયા છે.

'સેવા સેતુ' નો ઉદ્દેશ્ય માત્ર સરકારી સેવા આપવાનો નથી, પરંતુ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી સરળતાથી, પારદર્શક રીતે અને તેમના નજીકના સ્થળે

# દમણની પોલીકેબ ઈન્ડિયા કંપનીનું ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** ધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત દમણમાં પોલીકેબ ઈન્ડિયા લિમિટેડ દ્વારા કરવામાં આવેલી સરાહનીય કામગીરી બદલ કંપનીનું સન્માન કરવામાં આવ્યું હતું.



ટીબી મુક્ત ભારત અભિયાનમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના કેન્દ્રીય પ્રભારી અધિકારી જયેમ અલી ખાન દ્વારા પોલીકેબ ઈન્ડિયા લિમિટેડના પ્રેસિડેન્ટ રમેશ કુંદનાનીને પ્રશસ્તિપત્ર અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોલીકેબ ઈન્ડિયા લિમિટેડ દ્વારા ટીબી નાબૂદીના અભિયાનમાં નિક્ષય મિત્ર તરીકે સક્રિય ભૂમિકા નિભાવવામાં આવી રહી છે. કંપની દ્વારા ટીબીથી પીડિત દર્દીઓને સહાય અને પોષણ કીટનું વિતરણ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.આ પ્રસંગે કેન્દ્રીય પ્રભારી અધિકારી જયેમ અલી ખાને પોલીકેબ ઈન્ડિયા લિમિટેડના પ્રેસિડેન્ટ રમેશ કુંદનાનીને પ્રશસ્તિપત્ર અને સર્ટિફિકેટ અર્પણ કર્યું હતું.આ પ્રસંગે રમેશ કુંદનાનીએ જણાવ્યું હતું કે, ટીબીને મૂળમાંથી નાબૂદ કરવા માટે જનજાગૃતિ અત્યંત જરૂરી છે.

તેમણે લોકોને આ અભિયાનમાં સહયોગ આપવા અપીલ કરી હતી.પોલીકેબ ઈન્ડિયા લિમિટેડની આ પહેલને ટીબી મુક્ત ભારતના લક્ષ્ય તરફનું મહત્વપૂર્ણ યોગદાન માનવામાં આવી રહ્યું છે.

# દમણમાં શ્રી પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘની વાર્ષિક સામાન્ય સભા મળી

## માછી સમાજને એક સૂત્રમાં બાંધવા સામાજિક મહાસંમેલન જરૂરી : વિશાલ ટંડેલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૪ :** શ્રી પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘની વાર્ષિક સામાન્ય સભા દમણમાં મહાસંઘના અધ્યક્ષ વિશાલ ટંડેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. સભામાં માછી સમાજને એકતાના સૂત્રમાં બાંધવા માટે સામાજિક મહાસંમેલન યોજવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો ૧૩ સપ્ટેમ્બરે યોજાયેલી આ વાર્ષિક સામાન્ય સભામાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પૂર્વ અધ્યક્ષ સ્વર્ગીય ચંપકભાઈ ટંડેલ તેમજ સ્વર્ગીય રાજશ્રીબેનના નિધન પર શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. મહાસંઘના અધ્યક્ષ વિશાલ ટંડેલ અને પદાધિકારીઓ દ્વારા દીપ પ્રજ્વલિત કરી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. સ્વાગત સંબોધન મહાસંઘના જનરલ સેક્રેટરી ઈશ્વર એમ. ટંડેલે આપ્યું હતું. ત્યારબાદ મીડિયા દ્વારા પ્રાર્થના




ગીત રજૂ કરવામાં આવ્યું હતું.સભામાં મહાસંઘના જનરલ સેક્રેટરી ગિરીશ ટંડેલે મિનિટ્સ અને હિસાબ-જોખા રજૂ કર્યા હતા. આ પ્રસંગે નિવૃત્તિ લેનાર ટાકોર પટેલની સેવાઓની પ્રશંસા કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સભામાં માછી સમાજની એકતા અને ગેરકાયદેસર માછીમારીના કારણે થતા નુકસાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. સમુદ્રમાં ગંદુ પાણી છોડવાના મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ ઉપરાંત વલસાડ, નવસારી અને સુરત જિલ્લામાં ભારે વરસાદ અને પૂરથી માછીમારોને થયેલા નુકસાન અંગે સરકાર પાસે યોગ્ય મદદની માંગણી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મહાસંઘની બેઠકમાં આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને વલસાડ, નવસારી અને સુરતના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી માછી સમાજને યોગ્ય રાજકીય પ્રતિનિધિત્વ મળે તે માટે રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો હતો.

સભામાં મહાસંઘના ઉપાધ્યક્ષો, મહામંત્રી સહિત વિવિધ પદાધિકારીઓ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાસંઘના મહામંત્રી આઈ. એમ. ટંડેલે રાષ્ટ્રગીત સાથે બેઠકનું સમાપન કર્યું હતું.

# વલસાડ જિલ્લામાં જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા જિલ્લા મેજિસ્ટ્રેટની તાકીદ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ જિલ્લો તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમિકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર અને જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમો આવેલા છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામ્યો છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતીય લોકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા બનેલા મિલકત અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. આ તમામ પ્રકારના મિલકત સંબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનિક પોલીસ, લોકલ કાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્વારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા દ્વારા લગાડવામાં આવેલા સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલા વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડીના આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવ્યા છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે. (૧) સમગ્ર વલસાડ જિલ્લામાં શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી પ્રસંસ્થાઓ.(૨) હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.(૩) શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ (૪) બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી (૫) ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સપોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ (૬) વાહનના શો- રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ (૭) ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન (૮) હોસ્પિટલ, લેબોરેટરીઝ, દવાખાના (૯) મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ (૧૦) હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, કલબ હાઉસ, (૧૧) મોટા કદના ઔદ્યોગિક એકમ (૧૨) રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલા ખાનગી પે એન્ડ પાર્કિંગ (૧૩)

ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ. આ હુકમ તા.૦૮/૧૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવ્યા છે.

# વાપી જીઆઈડીસીના મહાફલેશ્વર મંદિરે શ્રીજીની સ્થાપના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વાપી જીઆઈડીસીના થર્ડ ફેઝના કોચરવા-વેરિયાવર ખાતે આવેલા શ્રી મહાફલેશ્વર મંદિરમાં ગણેશ ચતુર્થી એ ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં છેલ્લા ઘણા વર્ષોથી ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.



શ્રી મહાફલેશ્વર મંદિરના ટ્રસ્ટી તેમજ હરિઓમ મિત્ર મંડળના પ્રમુખ ધીરુભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આ વર્ષે પણ ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પાંચ દિવસીય ગણપતિ મહોત્સવ અંતર્ગત આજે ભગવાન ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી. મહોત્સવના ચોથા દિવસે ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભક્તજનો ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લેશે. ભક્તોની સુવિધા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા વિવિધ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર મહોત્સવ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ જોવા મળશે.

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત




## આલિયાએ પ્રોડ્યૂસર તરીકે ઉઠાંતરી કરેલી ચીલાચાલુ ફિલ્મ બનાવી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** આલિયા ભટ્ટ અને શાહિન ભટ્ટની ઈટરનલ સનશાઈન પ્રોડક્શન્સએ નવી, કન્ટેન્ટ આધારીત વાર્તાની અપેક્ષા જગાવી હતી, પણ 'ડોન્ટ બી શાઈ'ના ટ્રેલરની તેના ચીલાચાલુ અને ચવાઈ ગયેલા થીમને કારણે ટીકા થઈ રહી છે. અનેક ફિલ્મો, ખાસ કરીને હોલીવૂડ ફિલ્મ 'હેવ આઈ એવર'માંથી ઉઠાંતરી કરેલા કોલેજ રોમાન્સને નવા ટીન ડ્રામા તરીકે રજૂ કરાયો હોવાની ટીકા થઈ રહી છે.ટ્રેલરમાં એક વિચિત્ર અને ઓછા આત્મવિશ્વાસવાળા ટીનેજરની વાત છે જે એક મોટી શહેરી કોલેજ, મિત્રતા અને એક સીક્રેટ ક્રશ તેમજ પોતાની ઓળખ સાથે સંકળાયેલા સવાલો વચ્ચે પોતાનો માર્ગ બનાવી રહ્યો છે. આલોચકોના મતે તેમાં બળજબરીપૂર્વક જેન-ઝીની ભાષા, અતિરેકપૂર્વક દર્શાવાયેલા પારિવારીક સંબંધો, ગેરસમજણો તેમજ યુવા સંસ્કૃતિની ચકાચૌંધભરી તસવીર વાર્તાને સાહજિકની બદલે કૃત્રિમ બનાવે છે

.સૌથી મોટી આલોચના ટ્રેલરની ધીમી, સુસ્ત એડિટિંગ તેમજ રસહીન સંવાદો બાબતે થઈ રહી છે, જે કથિત રીતે એક યુવા કેન્દ્રિત કોમેડી ડ્રામા પાસેથી રાખવામાં આવતી અપેક્ષાને ખતમ કરે છે.

જો કે નવા કલાકારોની ટીમ ઉત્સાહ તો દેખાડે છે, પણ ટ્રેલર હજી સુધી દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ રહ્યું છે. ફિલ્મ પોતાની મજબૂત ભાવનાત્મક કહાની દ્વારા દર્શકોને કદાચ ચોંકાવી શકે, પણ હાલ તો લોકોની આશા ઠગારી સાબિત થઈ છે.

## અમદાવાદમાં દિલજીત દોસાંજની મેગા પરફોર્મન્સ કરશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંજે પોતાના ચાહકોને મોટી ખુશખબર આપી છે. લંડનના ઐતિહાસિક વેમ્બલી સ્ટેડિયમમાં યોજાયેલા હાઉસફુલ કોન્સર્ટ દરમિયાન તેમણે જાહેરાત કરી હતી કે તેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગ્રાન્ડ લાઈવ પરફોર્મન્સ આપવાના છે. આ જાહેરાત બાદ ભારતમાં તેમના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.દિલજીત દોસાંજ પોતાના 'છેદ્ધિ ઉંર્ક્ષિર્દ્બ ઁ'અંતર્ગત વેમ્બલી સ્ટેડિયમમાં પરફોર્મ કરી રહ્યા હતા ત્યારે તેમણે અમદાવાદ શોની જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ તેઓ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લાઈવ પરફોર્મ કરશે. વર્ષ ૨૦૨૪માં યોજાયેલા સફળ 'Dil-Luminati India Tour' બાદ અમદાવાદમાં તેમનો આ પહેલો મોટો શો હશે.જોકે કોન્સર્ટની તારીખ અને સ્થળ જાહેર કરવામાં આવ્યા છે, પરંતુ ટિકિટ વેચાણ, ભાવ અને બુકિંગ પ્રક્રિયા અંગેની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ચાહકો હવે સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.

કોલ્ડપ્લેનો ઉલ્લેખ કરીને કહી રસપ્રદ વાતસ્ટેજ પરથી વાત કરતા દિલજીત દોસાંજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમને દેશનું સૌથી મોટું અને ભવ્ય સ્ટેડિયમ ગણાવ્યું હતું. આ દરમિયાન તેમણે બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડપ્લે નો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તાજેતરમાં એક વિદેશી બેન્ડે આ સ્ટેડિયમની તમામ ટિકિટ વેચી દીધી હતી,

જે ગર્વની વાત છે.પોતાના મજેદાર અંદાજમાં તેમણે કહ્યું હતું કે, ભારતમાં આટલું મોટું સ્ટેડિયમ હોય અને ત્યાં કોઈ પંજાબી કલાકાર જઈને પોતાની હાજરી ન નોંધાવે, એવું શક્ય જ નથી. તેમના આ નિવેદન પર સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકોએ જોરદાર તાળીઓ પાડી હતી.લંડનમાં યોજાયેલો આ



કોન્સર્ટ દિલજીત દોસાંજ માટે ખાસ રહ્યો હતો. તેઓ વેમ્બલી સ્ટેડિયમમાં હેડલાઈનર તરીકે પરફોર્મ કરનારા પ્રથમ પંજાબી કલાકાર બન્યા છે. તેમણે પોતાના લોકપ્રિય ડાયલોગ 'Punjabi Aa Gaye Wembley Oye!' સાથે શોની શરૂઆત કરી હતી

અને તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.૨ કલાકથી વધુ સમય ચાલેલા આ શોમાં દિલજીત દોસાંજે પોતાના સુપરહિટ ગીતો 'GOAT', 'Lover', 'Hans Hans' y™u 'Born To Shine' રજૂ કર્યા હતા. લગભગ ૯૦ હજાર ક્ષમતાવાળું સ્ટેડિયમ ચાહકોથી ખચાખચ ભરાયેલું હતું અને સમગ્ર શો દરમિયાન લોકો સંગીતના તાલે ઝૂમતા જોવા મળ્યા હતા

.કોન્સર્ટ દરમિયાન દિલજીત દોસાંજે દર્શકો સાથે ખાસ જોડાણ બનાવ્યું હતું. તેમણે ભીડમાંથી કેટલાક બાળકો તેમજ એક વૃદ્ધ મહિલા ચાહકને સ્ટેજ પર બોલાવી તેમની સાથે વાતચીત પણ કરી હતી, જેના કારણે કાર્યક્રમ વધુ યાદગાર બની ગયો હતો

.કોન્સર્ટનો અંત તેમના લોકપ્રિય ટ્રેક 'Main Hoon Punjabi' અને ભવ્ય આતશબાજી સાથે થયો હતો. વેમ્બલી સ્ટેડિયમની આ યાદગાર સાંજે માત્ર લંડનના ચાહકોને જ નહીં, પરંતુ અમદાવાદમાં યોજાનારા આગામી કોન્સર્ટ માટે પણ ભારે ઉત્સુકતા જગાવી દીધી છે.

## આમિર ખાનની મહત્વાકાંક્ષી સુપરહીરો પ્રોજેક્ટની તૈયારી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** આમિર ખાન મહત્વાકાંક્ષી સુપરહીરો ફિલ્મ વિશે પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા સાથે પ્રાથમિક ચર્ચા કરી રહ્યો છે જેનું દિગ્દર્શન આર. બાલ્કી કરશે. પ્રોજેક્ટ હજી પ્રાથમિક તબક્કામાં છે અને આમિર ખાન તેમાં રસ દાખવી રહ્યો છે, જો કે હજી તેણે કોઈ સત્તાવાર પ્રતિબદ્ધતા નથી આપી. સર્જકો આગળ વધવા અગાઉ પટકથા, પાત્રાલેખન અને પ્રોડક્શન ડિઝાઈનમાં સુધારા-વધારા કરે તેવી અપેક્ષા છે. આ પ્રસ્તાવિત ફિલ્મ અગાઉ આમિરની તામિલ ફિલ્મસર્જક લોકેશ કાનાગરાજસાથેસુપરહીરોસહયોગ વિશે વાટાઘાટ થઈ હતી, જે આખરે પટકથા સંબંધિત મુદ્દાઓને કારણે છોડી દેવામાંઆવી. જો નવો પ્રોજેક્ટ સાકાર થાય તો તે આમિરની નડિયાદવાળા તેમજ બાલ્કી બંને સાથે પ્રથમ ફિલ્મ હશે. બિનપરંપરાગત, વિશિષ્ટ વાર્તા કહેવા માટે પ્રસિદ્ધ બાલ્કી ભારતીય શૈલીને અનુરૂપ સુપરહીરો ફિલ્મની



યોજના બનાવી રહ્યા છે.આમિર રેસ ૪ માટે પણ વાટાઘાટ ચલાવી રહ્યો છે, જો કે હાલ તો બંને પ્રોજેક્ટ વિશે કોઈ સત્તાવાર જાહેરાત નથી થઈ. તેણે માત્ર આગામી ફિલ્મ આશુતોષ ગોવારીકરની 'લલકારા' હોવાની પુષ્ટી કરી છે, જે ૧૯૫૨ની ઐતિહાસીક ભારત-પાકિસ્તાન ટેસ્ટ સીરીઝ પર આધારીત છે અને તેનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થવાની સંભાવના છે.

ત્યાર પછી આમિર રાજકુમાર હિરાનીની '૩ ઈડિયટ્સ'ની સીક્વલમાં કામ કરે તેવી સંભાવના છે, જે હાલ હજી શરૂઆતના તબક્કામાં છે.

## સલમાન ખાનના બોડીગાર્ડ શેરાનો પુત્ર ડેબ્યુ માટે તૈયાર



**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** સલમાન ખાનનો લાંબા સમયથી બોડીગાર્ડ રહેલો શેરા (ગુરમીત સિંઘ જોલી)નો પુત્ર ફિલ્મ 'ટાર્ઝન' સાથે તેનો લાંબા સમયથી રાહ જોવાતો બોલીવૂડ ડેબ્યુ કરી રહ્યો છે, જેમાં સંભવિતપણે સૂરજ પંચોલી પણ સામેલ થઈ શકે છે.અબિરના લોન્ચની ચર્ચા છેક ૨૦૨૨થી થઈ રહી હતી જ્યારે અહેવાલો મુજબ સલમાન તેના ડેબ્યુ પ્રોજેક્ટમાં અંગત રસ લઈ રહ્યો હતો. જો કે આ બાબત વિશે કોઈપણ સત્તાવાર જાહેરાત નહોતી કરાઈ.અગાઉના પ્રોજેક્ટનું દિગ્દર્શન અગ્રણી ફિલ્મસર્જક સતિષ કૌશિક કરવાના હતા અને તેનું શૂટિંગ ૨૦૨૩માં શરૂ થવાની તૈયારી ચાલી હતી. જો કે આ યોજના સાકાર ન થઈ શકી અને કૌશિકનું માર્ચ ૨૦૨૩માં નિધન થયું. છેલ્લા અહેવાલો મુજબ અબિરની બોલીવૂડ મહત્વાકાંક્ષાઓ ફરી સજીવન થઈ છે, જો કે ટાર્ઝનના દિગ્દર્શન, નિર્માણ તેમજ અન્ય કાસ્ટ વિશેની વિગતો જાહેર નથી કરાઈ.સૂરજ પંચોલીના કાસ્ટિંગની અટકળોથી પ્રોજેક્ટ સાથે સલમાનનો સહયોગ પણ ચર્ચામાં છે.સલમાને અગાઉ સૂરજ અને અથિયા શેટ્ટીને લોન્ચ કરતી હીરોનું નિર્માણ કર્યું હતું. વર્ષો દરમ્યાન તેણે સોનાક્ષી સિંહા, ઝરીન ખાન, ડેઝી શાહ અને સાઈ માંજરેકર સહિત અનેક નવોદિતોને સમર્થન આપ્યું છે. હાલ તો તેના અબિરના ડેબ્યુને સમર્થન આપવા વિશે સ્પષ્ટતા નથી થઈ. દરમ્યાન સલમાન માતૃભૂમિ અને એસવીસી૬૩ની રિલીઝની તૈયારી કરી રહ્યો છે.

## જ્યારે શ્રીદેવીએ અમિતાભ સાથે ફિલ્મ નકારી

## એક્ટ્રેસને મનાવવા બિગ બીએ આખી ટ્રક ભરીને ફૂલ મોકલ્યા હતા !

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** મોટા પડદા પર તો આપણે ઘણી રસપ્રદ સ્ટોરીઓ જોઈએ છીએ, પરંતુ પડદા પાછળ પણ ઘણી મજેદાર અને સુંદર સ્ટોરીઓ છુપાયેલી હોય છે. આવો જ એક પડદા પાછળનો કિસ્સો અમિતાભ બચ્ચન અને શ્રીદેવીનો છે.વાસ્તવમાં આ કિસ્સા પ્રમાણે ૧૯૯૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'ખુદા ગવાહ'માં ડિરેક્ટર બિગ બી સાથે શ્રીદેવીને લેવા માંગતા હતા, પરંતુ એક્ટ્રેસ તે સમયે માત્ર ગ્લેમરસ રોલ કરવા નહોતી માંગતી અને આવી સ્થિતિમાં તેમણે તે ફિલ્મ રિજેક્ટ કરી દીધી હતી.શ્રીદેવી તે દોરની ટોપ એક્ટ્રેસીસમાંથી એક હતી અને જ્યારે તેમણે આ ફિલ્મ રિજેક્ટ કરી અને તેને કરવાની ના પાડી દીધી, તો અમિતાભ બચ્ચને તેમને મનાવવા માટે એક ખાસ અંદાજ અપનાવ્યો.અમિતાભ બચ્ચને શૂટિંગ સેટ પર ગુલાબના ફૂલોથી ભરેલી એક આખી ટ્રક શ્રીદેવી માટે મોકલી આપી, જેને જોઈને શ્રીદેવી હેરાન રહી ગઈ પરંતુ આ સાથે જ તે ખુશ પણ થઈ. તેમને બિગ બીનો આ રીતે મનાવવાનો અંદાજ ખૂબ પસંદ આવ્યો અને



તેમણે ફિલ્મ માટે હા પાડી દીધી.કોરિયોગ્રાફર સરોજ ખાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે ટ્રક આવી અને તેના તમામ ગુલાબ શ્રીદેવી પર વરસાવવામાં આવ્યા હતા. તે મોમેન્ટ એકદમ શાનદાર લાગી હતો.જોકે, ફિલ્મ માટે હા કહેવાની સાથે જ એક્ટ્રેસે એક શરત પણ મૂકી હતી. તે એ હતી કે તેઓ ફિલ્મમાં માતા અને પુત્રીનો ડબલ રોલ પ્લે કરશે.'ખુદા ગવાહ' ૧૯૯૨ની એક ભારતીય એપિક ક્રાઈમ-એક્શન ફિલ્મ છે, જેને મુકુલ એસ. આનંદે લખી અને ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન, શ્રીદેવી (ડબલ રોલમાં), નાગાર્જુન, શિલ્પા શિરોડકર, ડેની ડેન્ઝોંગપા અને કિરણ કુમારે મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે.આનું સંગીત લક્ષ્મીકાંત-પ્યારેલાલે આપ્યું હતું. આ ફિલ્મ 'ઈન્કલાબ' (૧૯૮૪) અને 'આખરી રાસ્તા' (૧૯૮૬) પછી શ્રીદેવી અને બચ્ચનની સાથે કરેલી ત્રીજી ફિલ્મ હતી. અફઘાનિસ્તાન અને ભારતની પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મ બાદશાહ ખાનની સ્ટોરી છે, જે એક અફઘાન યોદ્ધા છે અને પોતાની પ્રેમિકા બેનઝીરના પિતાની હત્યાનો બદલો લેવા માટે ભારત આવે છે. પોતાનું મિશન પૂરું કર્યા પછી, તેના પર અન્ય એક હત્યાનો ખોટો આરોપ મૂકવામાં આવે છે અને તેને ભારતમાં જેલમાં ધકેલી દેવામાં આવે છે.

## 'વાઈબ', 'મડગાંવ એક્સપ્રેસ' અને 'ગો ગોવા ગોન' એક જ યુનિવર્સનો ભાગ?

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** કુનાલ ખેમુની આગામી ફિલ્મ 'વાઈબ'ના ટ્રેલરે કોમેડી ઉપરાંત તેનાં છુપાયેલા કનેક્શનને કારણે પણ ચર્ચા જગાવી છે. ટ્રેલરમાં સ્પર્શ શ્રીવાસ્તવનું પાત્ર કુનાલના પાત્રને 'હાર્દિક' કહીને સંબોધે છે અને તેનાં ભૂતકાળના ડ્રગ ઓવરડોઝ તથા ગોવાને પોન્ડિચેરી અને મુંબઈને બેંગલુરુ સમજવાની વાત કરે છે. આ સંદર્ભો કુનાલની અગાઉની ફિલ્મો 'ગો ગોવા ગોન' અને 'મડગાંવ એક્સપ્રેસ' સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવી રહ્યું છે. 'ગો ગોવા ગોન'માં કુનાલે હાર્દિક નામનાં સ્ટોનરનું પાત્ર ભજવ્યું હતું. બીજી તરફ, 'મડગાંવ એક્સપ્રેસ'માં તેણે કેમિયો કર્યો હતો, જેમાં ડ્રગ્સના નશામાં તેનું પાત્ર ગોવાને પોન્ડિચેરી અને મુંબઈને બેંગલુરુ સમજી બેસે છે.શું આ માત્ર રમુજી કનેક્શન છે કે કુનાલ ત્રણેય ફિલ્મોને એક જ સિનેમેટિક યુનિવર્સમાં જોડવાની યોજના બનાવી રહ્યો છે? આ સવાલના જવાબમાં કુનાલે સંકેત આપ્યો કે તેના મનમાં કેટલીક યોજનાઓ ચોક્કસ ચાલી રહી છે. જોકે, તે હાલમાં તેને જાહેર કરવા માગતો નથી. તેણે કહ્યું કે જો ભવિષ્યમાં તેને યોગ્ય દિશા દેખાશે તો તે આ વિચારોને આગળ વધારી શકે છે.કોમેડીને લઈને કુનાલનું માનવું છે કે એક્ટિંગ અને ડિરેક્શન બંને એટલાં જ મુશ્કેલ છે. તેના મતે કોમેડી માટે ઈન્સ્ટિંક્ટ અને પોતાના નિર્ણય પર વિશ્વાસ જરૂરી છે. 'મડગાંવ એક્સપ્રેસ'ના સેટ પર પણ સૌથી રમૂજી દૃશ્યોના શૂટિંગ દરમિયાન કલાકારો ગંભીર રહેતા હતા.'વાઈબ'માં પ્રીતિ ઝિન્ટા, વંશિકા ધીર, દિનેશ લાલ યાદવ અને યશપાલ શર્મા પણ છે. ફિલ્મ ૧૮ સપ્ટેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે.

## 'સોશિયલ મીડિયા ક્યારેય નહીં છોડું' : શનાયા કપૂર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** અભિનેત્રી અને આન્ત્રપ્રિન્યોર શનાયા કપૂર સોશિયલ મીડિયા પર મળતી નકારાત્મક કમેન્ટ્સથી દૂર રહેવાને બદલે તેમાંથી ઉપયોગી પ્રતિસાદ અલગ તારવવાનું પસંદ કરે છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલી શનાયાએ કહ્યું કે સોશિયલ મીડિયા તેના માટે માત્ર ટીકા કે નકારાત્મકતાનું માધ્યમ નથી, પરંતુ એક અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક તરીકે પોતાની જાતને સુધારવાનો રસ્તો પણ છે. શનાયા જ્વેલરી બ્રાન્ડ 'ઈન્ડીનૂર'ની સહસ્થાપક પણ છે.શનાયાએ કહ્યું, "લોકો હંમેશાં સોશિયલ મીડિયાની નકારાત્મક બાજુ વિશે વાત કરે છે, કારણ કે ઈન્ટરનેટ પર ઘણી વખત અંધાધૂંધી સર્જી શકે છે. પરંતુ મને લાગે છે કે તેની એક મોટી સકારાત્મક બાજુ પણ છે અને એક અભિનેત્રી તથા ઉદ્યોગસાહસિક તરીકે હું એ જ બાબત પર ધ્યાન આપું છું."તેણે ફિલ્મોના ઉદાહરણ સાથે કહ્યું કે દર્શકો પોતાની મહેનતની કમાણીમાંથી ટિકિટ ખરીદીને તેની ફિલ્મ જોવા આવે છે, ત્યારે તેમના

**લોકો હંમેશાં સોશિયલ મીડિયાની નકારાત્મક બાજુ વિશે વાત કરે છે, કારણ કે ઈન્ટરનેટ પર ઘણી વખત અંધાધૂંધી સર્જી શકે છે**



પ્રતિસાદને અવગણવો યોગ્ય નથી. "જો હું લોકોની વાત નહીં સાંભળું, તો એક અભિનેત્રી તરીકે આગળ કેવી રીતે વધીશ? હું નવું શીખી શકીશ નહીં. જ્યારે હું તેમની વાત જ ન સાંભળતી હોય, તો એક વર્ષ પછી ફરી આવીને તેમને મારી બીજી ફિલ્મની ટિકિટ ખરીદવા માટે કેવી રીતે કહી શકું?"શનાયાના જણાવ્યા મુજબ, તે સોશિયલ મીડિયા છોડવાને બદલે મળતા પ્રતિસાદને ફિલ્ટર કરે છે. "જો કોઈ કહે કે આ બાબત મારા માટે સારી રહી, પરંતુ તેમાં ફેરફાર કરી શકાય, તો હું તેના પર ધ્યાન આપું છું અને તે ફીડબેક સ્વીકારું છું. પરંતુ સોશિયલ મીડિયા પર મળતી માત્ર નફરત અને નકારાત્મકતાને અવગણવાનું હું હજુ શીખી રહી છું. આ બાબત મેં હજી સંપૂર્ણપણે શીખી નથી."


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ०२६०- २४०१२३५, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## રાની મુખરજી 'રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ'થી સન્માનિત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૨ :** મુંબઈમાં યોજાયેલા ૬૨મા મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સ સમારોહમાં અભિનેત્રી રાની મુખર્જીને 'રાજ કપૂર સ્પેશિયલ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ'થીસન્માનિત કરવામાંઆવી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાનીને આ એવોર્ડ એનાયત કર્યો હતો. આ પ્રસંગે સાંસ્કૃતિક બાબતોના મંત્રી આશિષ શેલાર સહિત ફિલ્મ જગતની અનેક હસ્તીઓ હાજર રહી હતી.ભારતીય સિનેમામાં રાની મુખર્જીના લાંબા સમયના યોગદાન અને મુંબઈ તથા મહારાષ્ટ્ર સાથેના તેનાં ગાઢ સંબંધને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવ્યું છે. મુંબઈમાં જન્મેલી અને ઉછરેલી રાનીએ દાયકાઓની કારકિર્દીમાં વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. 'કુછ કુછ હોતા હૈ', 'હમ તુમ', 'બન્ટી ઔર બબલી', 'બ્લેક', 'તલાશ', 'હિચકી' અને 'મિસિસ




ચેટર્જી વર્સેસ નોર્વે' જેવી ફિલ્મો તેની કારકિર્દીનાં મહત્વના પડાવ રહ્યા છે.એવોર્ડ સ્વીકારતી વખતે રાનીએ મહારાષ્ટ્ર સાથેના પોતાના સંબંધને યાદ કર્યો.

તેણે કહ્યું કે મહારાષ્ટ્ર તેનાં માટે માત્ર એક રાજ્ય નથી. તે તેની જન્મભૂમિ, કર્મભૂમિ અને જીવનનો અભિન્ન હિસ્સો છે.મુંબઈએ તેને ઓળખ, દર્શકો અને કારકિર્દી આપ્યા હોવાનું જણાવતાં રાનીએ કહ્યું કે આ શહેર તેનું ઘર અને સુરક્ષિત સ્થળ રહ્યું છે.

## 'હૈવાન' માટે બોમન ઈરાનીએ પોતાની તૈયારીની રીત બદલવી પડી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**મુંબઈ, તા.૧૪ :** અભિનેતા બોમન ઈરાની પોતાની ભૂમિકાની ઝીણવટભરી તૈયારી માટે જાણીતા છે. જોકે આગામી ક્રાઈમ થ્રિલર 'હૈવાન' માટે કામ કરતી વખતે તેમની આ તૈયારીની પદ્ધતિમાં મોટું પરિવર્તન આવ્યું છે. ફિલ્મના દિગ્દર્શક પ્રિયદર્શન સાથે કામ કરતા તેમણે પોતાની ભૂમિકા માટે વધુ પડતું રિહર્સલ કરવાની આદતને થોડા સમય માટે બાજુ પર રાખવી પડી હતી.પોતાની તૈયારીની રીત વિશે વાત કરતા બોમને કહ્યું, "એક અભિનેતા તરીકે હું ઘણી વખત જરૂર કરતાં વધારે રિહર્સલ કરું છું. હું મોજાં પહેરતી વખતે, શેવિંગ કરતી વખતે પણ મારા ડાયલોગ્સ બોલતો રહું છું. પરંતુ સેટ પર પહોંચ્યા પછી પ્રિયદર્શન સાહેબ કહે છે, 'આ એક જ વાર બોલો, કેમેરામાં જુઓ અને પછી



કેમેરાની ફ્રેમમાંથી બહાર નીકળી જાઓ.' ત્યારે મારી અત્યાર સુધીની બધી તૈયારી મીંડું થઈ જાય છે.

"બોમનના મતે અભિનેતાની તૈયારી એટલી જ હોવી જોઈએ કે તે દિગ્દર્શકના સૂચન પ્રમાણે પોતાની રજૂઆત બદલી શકે. તેમણે કહ્યું, "જો તમે તમારી તૈયારીમાં જ અટવાઈ જાઓ અને કોઈ એક પદ્ધતિ સાથે બંધાઈ જાઓ, તો તમે સારા અભિનેતા નથી. તમારે એટલી તૈયારી કરવી જોઈએ કે દિગ્દર્શક તમને કહે કે તેને થોડું ઓછું કે થોડું વધારે કરો, તો તમે તે પ્રમાણે કરી શકો.

"પ્રિયદર્શનની કાર્યશૈલી વિશે બોમને કહ્યું કે તેઓ સેટ પર દિગ્દર્શકની કામગીરીને એક કલાકારની જેમ નહીં, પરંતુ એક વ્યક્તિ તરીકે નિહાળવાનું પસંદ કરે છે. તેમના મતે સરળ કેમેરા મૂવમેન્ટ અને કમ્પોઝિશન જેવા સાધનોનો ઉપયોગ કરીને પણ પ્રિયદર્શન વાર્તાને અસરકારક રીતે રજૂ કરે છે.પ્રિયદર્શન દિગ્દર્શિત 'હૈવાન'માં અક્ષય કુમાર અને સૈફ અલી ખાન પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ ૧૧ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે.

VAPI PAGE - 5

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 15, September 2026

આપનું અખબાર : આપનો અવાજ DGT

● વલસાડ ●અતુલ ●ગુંદલાવ ● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## ભાગડાવડામાં ૨ આંગણવાડીઓનું જિ.પં. પ્રમુખ દ્વારા લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ તાલુકાના ભાગડાવડા ગામે અતુલ કંપનીના CSR ફંડ હેઠળ આધુનિક સુવિધાઓ સાથે રિનોવેટ કરવામાં આવેલા ૨ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વલસાડ તાલુકાના ભાગડાવડા ગામે અતુલ કંપનીના CSR ફંડ હેઠળ આધુનિક સુવિધાઓ સાથે રિનોવેટ કરવામાં આવેલા ૨ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના વરદહસ્તે સંપન્ન થયું હતું.

ગામના ભૂલકાંઓને પાયાનું શિક્ષણ અને પોષણક્ષમ આહારની સાથે વધુ સુવિધાજનક તેમજ સુંદર વાતાવરણ મળી રહે તેવા શુભ આશયથી આ આંગણવાડીઓનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ આ પ્રશંસનીય સામાજિક કાર્યની સરાહના કરી હતી અને સહયોગી સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર પટેલ, અતુલ કંપનીના જનરલ મેનેજર ગૌતમ દેસાઈ, ભાગડાવડા ગામના સરપંચ ધર્મેશ પટેલ સહિત સ્થાનિક અગ્રણીઓ, આંગણવાડી કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## વલસાડમાં શ્રી એમ. વી. પી. મંડળ દ્વારા દવા વિતરણ કાર્યક્રમ યોજાયો

### ૮૯ લાભાર્થીઓએ લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા સમાજસેવાના ભાગરૂપે પ્રતિમાસ ચલાવવામાં આવતા રાહત દરે દવા વિતરણ અભિયાન અંતર્ગત સપ્ટેમ્બર માસનો દવા વિતરણ કાર્યક્રમ તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ મહિનાનો કાર્યક્રમ સ્વ. હિંમતલાલ છોટાલાલ કલવાડીયાના સ્મરણાર્થે યોજવામાં આવ્યો હતો.

આ સેવાકીય યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૯ લાભાર્થીઓએ રાહત દરે દવાનો લાભ મેળવ્યો છે. ચાલુ સપ્ટેમ્બર માસમાં ૨૭ લાભાર્થીઓને કુલ રૂ. ૪૯,૦૭૬ની દવાઓ પહોંચાડવામાં આવી છે. વિશેષમાં, સમાજના અતિ જરૂરિયાતમંદ વર્ગની ચિંતા કરીને ૧ દિવ્યાંગ તેમજ ૨ નિરાધાર બહેનોને સંપૂર્ણપણે વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંડળ દ્વારા ડીસેમ્બર ૨૦૨૦થી સતત દર મહિને ૩૦ ટકા રાહત દરે દર્દીઓને દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સમગ્ર સેવાયજ્ઞનું સંચાલન પ્રશાંતભાઈ પટેલ, હિરેનભાઈ સુરતી તેમજ વિમલભાઈ મેહવાલાના સુચારુ આયોજન હેઠળ થઈ રહ્યું છે.

સ્થાનિક વલસાડ ઉપરાંત બહારગામ રહેતા જરૂરિયાતમંદ સમાજના લાભાર્થીઓને સંસ્થા દ્વારા કુરિયર મારફતે વિનામૂલ્યે દવાઓ પહોંચાડવાની સગવડ પણ પૂરી પાડવામાં આવે છે.

સમાજના અન્ય દર્દીઓ કે પરિવારો જેઓ આ સેવાનો લાભ લેવા ઈચ્છતા હોય, તેઓને સંસ્થાના કાર્યકરોનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વલસાડમાં મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક નિમિત્તે વલસાડ શહેરમાં ભારે શ્રદ્ધા, ભક્તિ અને ઉલ્લાસભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે વલસાડના ઐતિહાસિક કોઠારી ઉપાશ્રય માં વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. વહેલી સવારથી જ ઉપાશ્રય પરિસરમાં શ્રાવક-શ્રાવિકાઓની ભારે ભીડ ઉમટી પડી હતી અને સમગ્ર પરિસર 'જય મહાવીર'ના નાદથી ગુંજી ઊઠ્યું હતું.

ધાર્મિક વિધિ અને પ્રવચનમાં જૈન સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ પ્રસંગ સાથે જોડાયેલી પવિત્ર 'સ્વપ્ન ઉછામણી' રહી હતી. આ વર્ષે સ્વપ્ન ઉછામણીનો લાભ સોનલબેન તેજસભાઈ સોલંકી પરિવારે પ્રાપ્ત કર્યો હતો. સોલંકી પરિવારે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

પૂજાવિધિ સંપન્ન થયા બાદ ઉપાશ્રય પરિસરમાં ભક્તિસંગીત અને પ્રભુ ગુણગાનના કાર્યક્રમો યોજાયા હતા. ઉપસ્થિત સાધુ-ભગવંતો તેમજ સમાજના અગ્રણીઓએ ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, સત્ય, અપરિગ્રહ અને કરુણાના સંદેશાઓનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિત ભાવિકોએ પ્રભુના આ ઉપદેશોને દૈનિક જીવનમાં ઉતારવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

કાર્યક્રમના અંતે ભગવાન મહાવીર સ્વામીની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી. જન્મ કલ્યાણકની ખુશીમાં સમગ્ર જૈન સંઘમાં પ્રભાવના તેમજ મિષ્ટાનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવે વલસાડના સમગ્ર જૈન સમાજમાં એકતા, ભક્તિ અને અપાર ઉત્સાહનો સંચાર કર્યો હતો.

## વલસાડ પોલીસે બે સગીરોને શોધી પરિવાર સાથે પુન: મિલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** ગુમ થયેલા બાળકો અને વ્યક્તિઓને શોધી કાઢવા માટે શરૂ કરાયેલા ખાસ અભિયાન મિશન મિલાપ હેઠળ વલસાડ સીટી પોલીસને મોટી સફળતા મળી છે. શાળાએથી ગુમ થયેલા ૧૩ વર્ષના બે સગીર બાળકોને પોલીસે ગણતરીના કલાકોમાં સુરક્ષિત શોધી કાઢી પરિવારને સોંપ્યા છે.

ગત ૧૨ સપ્ટેમ્બરના રોજ બે વાલીઓએ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં આવીને રજૂઆત કરી હતી કે, તેમના ૧૩ વર્ષના બાળકો તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ વલસાડની જી.વી.ડી. સ્કૂલ પાસે થી કહ્યા વગર ક્યાંક જતા રહ્યા છે અને હજુ સુધી ઘરે પરત આવ્યા નથી.બનાવની ગંભીરતાને ધ્યાને લઈ સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ , વલસાડ જિલ્લા એસપી યુવરાજસિંહ જાડેજા તથા ડીવાયએસપી એ.કે. વર્માના માર્ગદર્શન હેઠળ વલસાડ સીટી પી.આઈ. આર.એચ. વાળા, પી.એસ.આઈ. બી.એચ. રાઠોડ અને સર્વેલન્સ સ્ટાફે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી.


પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસી તેમજ હ્યુમન સોર્સિસની મદદથી બાતમી મેળવી ગણતરીના કલાકોમાં બંને બાળકોને ચીખલી થી હેમખેમ શોધી કાઢ્યા હતા. બાળકોને તેમના વાલીઓ સાથે પુનઃમિલન કરાવતાં પરિવારે પોલીસનો આભાર માન્યો હતો. વલસાડ સીટી પોલીસની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીની પ્રશંસા થઈ રહી છે.

## ઓવાડામાં સોલિડ વેસ્ટ મામલે કલેક્ટરને હાઈકોર્ટનું તેડું આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ નગરપાલિકાને સોલિડ વેસ્ટ માટે વલસાડ ના ઓવાડા ગામે જમીન ફાળવવાના મામલે ગુજરાત હાઈકોર્ટે માં વલસાડ કલેક્ટરના નિર્ણય સામે પિટિશનની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે રાજ્ય સરકાર અને સંબંધિત પક્ષકારોને નોટિસ ફટકારી ૨૧ મી એ હાજર થઈ સોગંદનામુ માંગ્યું છે. વલસાડ નગરપાલિકા પાસે સોલિડ વેસ્ટ નાખવા માટે જમીન નહીં હોવાથી તેમણે વલસાડ ના ઓવાડા ગામે જમીન ફાળવવામાં આવી હતી. ઓવાડા ગ્રામજનો નો ભારેવિરોધ છતાં જમીન ફાળવતા ઓવાડા ગ્રામ પંચાયત ની વલસાડ કલેક્ટર દ્વારા ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક હુકમ કરીને ઓવાડા વિસ્તારની સર્વે નંબર ૩૯૪ (જૂનો સર્વે નંબર ૪૪૪) ધરાવતી ૨ હેક્ટર ૩૩ આરે ૮૦ ચોરસ મીટર સરકારી પડતર જમીન વલસાડ નગરપાલિકાને મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ રૂલ્સ, ૨૦૧૬ હેઠળ કચરો ઠાલવવા માટે ફાળવવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે માં વલસાડ કલેક્ટરના નિર્ણય આ નિર્ણય સામે ઓવાડા ગ્રામ પંચાયતે હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરીને રજૂઆત કરી હતી કે જમીન ફાળવણી દરમિયાન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ના નિયમોનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી. જસ્ટિસ નિરલ આર. મહેતાની સિંગલ બેંચે આ મામલે સુનાવણી હાથ ધરીને હાઈકોર્ટે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં જવાબ આપવા માટે નોટિસ ઈશ્યૂ કરી છે અને ડાયરેક્ટ સર્વિસની મંજૂરી આપી છે. આગામી મુદત તા.૨૧ સપ્ટેમ્બર પહેલાં વલસાડ કલેક્ટરે સોગંદનામું રજૂ કરીને કોર્ટને સ્પષ્ટતા કરવાની રહેશે કે, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ હેઠળ નિયત કરાયેલા તમામ નિયમો અને ધોરણોનું પાલન કરીને જમીન મંજૂર કરવામાં આવી છે કે નહીં. કોર્ટે આ કેસની આગામી સુનાવણી બોર્ડ પર સૌથી ઉપર રાખવા પણ આદેશ કર્યો છે.આ કેસમાં ઓવાડા ગ્રામ પંચાયત વતી એડવોકેટ બી.એમ. મંગુકિયા અને એડવોકેટ બેલા એ. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતા.

## હનુમાનભાગડામાં હનુમાન ચાલીસાનો સામૂહિક પાઠ - પ્રસાદ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ તાલુકાના હનુમાનભાગડા ગામ ખાતે આવેલા શ્રી હનુમાનજી મંદિર-શનિધામ પરિસરમાં ભક્તિસભર માહોલમાં સામૂહિક હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના લોકોમાં ધાર્મિક ભાવના અને ભક્તિ જળવાઈ રહે તેમજ સૌ સાથે મળીને પ્રભુની આરાધના કરી શકે તેવા ઉદ્દેશ્યથી ગ્રામજનો દ્વારા દર મહિનાના બીજા શનિવારે આ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ પરંપરા અંતર્ગત ૧૨ સપ્ટેમ્બરના રોજ શનિવારે રાત્રે ૮ વાગ્યાથી હનુમાન ચાલીસાના પાઠ શરૂ થયા હતા, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર મંદિર પરિસર "જય શ્રી રામ અને જય બજરંગબલીના નારાથી ગુંજી ઊઠ્યું હતું. પાઠ સંપન્ન થયા બાદ શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રી હનુમાનજી મહારાજની મહાઆરતી કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓએ આરતી અને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આરતી બાદ સૌ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજકો દ્વારા આગામી સમયમાં પણ દર મહિનાના બીજા શનિવારે યોજાનારા આ સત્સંગ અને હનુમાન ચાલીસા પાઠમાં વધુમાં વધુ ભાવિક ભક્તો ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લે તેવી અપીલ કરવામાં આવી છે.

## વલસાડમાં ૪૦૦ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ

### મહિલા ખેડૂતોને સ્થાનિક સંસાધનોના મહત્તમ ઉપયોગ અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરાયા



**વલસાડ, તા. ૧૪ :** આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ (IYWF)– ૨૦૨૬ અંતર્ગત વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, વલસાડના સંયુક્ત ઉપક્રમે જિલ્લા અંદર તાલીમ કાર્યક્રમનું આયોજન નાનાપોંઢા તાલુકાના અરનાલા ગામના શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી અંગે જાગૃતિ લાવવા તેમજ પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓને વધુ અસરકારક રીતે અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમ દરમિયાન પ્રાકૃતિક કૃષિ અને તેના ૫ આયામો અંગે જિલ્લા આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી. એન. પટેલ દ્વારા માર્ગદર્શક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આયામો તરીકે બીજામૃત, જીવામૃત/ઘન જીવામૃત, આચ્છાદન, વાફસા અને મિશ્ર પાક પદ્ધતિ અંગે વિગતવાર સમજ આપી હતી. આ પાંચેય આયામોનો યોગ્ય રીતે ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા જાળવી રાખી શકાય, ખેતી ખર્ચમાં ઘટાડો કરી શકાય તેમજ ગુણવત્તાયુક્ત અને ટકાઉ ઉત્પાદન મેળવી શકાય તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં સ્થાનિક સંસાધનોના મહત્તમ ઉપયોગ, જમીનની તંદુરસ્તી જાળવણી, પાક વૈવિધ્ય અને પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર દ્વારા આયોજિત વ્યસન મુક્તિ અભિયાન હેઠળ બ્રહ્માકુમારી વિદ્યાલય પારડી ખાતેથી વી.સી.પટેલ દ્વારા વ્યસનમુક્તિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વ્યસનથી થતા સામાજિક, શારીરિક અને આર્થિક નુકસાન અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં અરનાલા ગામના સરપંચ સરિતાબેન પટેલ, તાલુકા પંચાયત સભ્યો જીતેન્દ્રભાઈ પટેલ અને વિનોદભાઈ, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, વલસાડ ડી. એન પટેલ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર વિમલ એસ. પટેલ, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ મેનેજર દીપિકા આર. થોરાટ તેમજ આત્મા, વલસાડ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, વલસાડના તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો અને અંદાજિત ૪૦૦ જેટલી મહિલા ખેડૂતોએ ભાગ લીધો હતો.

## વલસાડમાં પૂ. સતપાલજીનો પાવન જન્મોત્સવની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** પવિત્ર શ્રાવણ મહિનામાં શ્રી હંસ પરિવારના ઘરે ઘરે દરરોજ ધ્યાન શિબિર નું આયોજન થયું હતું અંતિમ દિને ધ્યાન શિબિર પ. પૂ.અદ્વેતાનંદ મહાત્માજીના માર્ગદર્શન પ્રમાણે , વરિષ્ઠ હંસ પરિવાર ભક્ત મકનજીભાઈ મંગાભાઈ પટેલ-ઝાડી ફળિયાના ઘરે કરવામાં આવી જેમાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. રવિવાર ૧૩ સપ્ટે. ના દિવસે પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી સતપાલજી મહારાજનો પાવન જન્મોત્સવ વલસાડ ખાતે માનવ ઉત્થાન સેવા સમિતિ દ્વારા ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. પાદુકા પૂજન ગુરુકૃપા અને સત્સંગનો અનેક ભક્તોએ લાભ લીધો હતો.

## વલસાડમાં અખિલ હિન્દ અંધજન ધ્વજ દિનની ઉજવણી કરાઈ

### દિવ્યાંગજનોના સર્વાંગી વિકાસ અને સશક્તિકરણ માટે સમાજનો સહયોગ જરૂરી - જિલ્લા કલેકટર નિતીન સાંગવાન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૪ : દર વર્ષે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ અખિલ હિન્દ અંધજન ધ્વજ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ દ્દષ્ટિહીન દિવ્યાંગજનો પ્રત્યે સમાજમાં સંવેદનશીલતા અને જાગૃતિ કેળવવા તેમજ તેમના શિક્ષણ, રોજગાર, સ્વાવલંબન અને સર્વાંગી વિકાસ માટે સહયોગની ભાવના મજબૂત કરવાનો સંદેશ આપે છે. આ અંગેનો કાર્યક્રમ અંધજન મંડળ નનકવાડા વલસાડ ખાતે જિલ્લા કલેકટર નિતીન સાંગવાનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત પણ ઉપસ્થિત રહયા હતા. કલેકટર નિતીન સાંગવાને જણાવ્યું હતુ કે દ્દષ્ટિહીન દિવ્યાંગજનો પણ સમાજનો અભિન્ન હિસ્સો છે. યોગ્ય માર્ગદર્શન, શિક્ષણ, તાલીમ અને અનુકૂળ તકો મળે તો તેઓ પોતાની ક્ષમતા અને પ્રતિભાના આધારે વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક આગળ વધી શકે છે. અખિલ હિન્દ અંધજન ધ્વજ દિન નિમિત્તે સમાજના દરેક વર્ગને દ્દષ્ટિહીન દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે સહભાગી બનવા જણાવ્યું હતુ. તેમણે દિવ્યાંજનોના શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારીની સમાન તકો, સમાન અધિકાર, સન્માન અને આત્મનિર્ભરતાની તક મળે તે જોવા જણાવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે દિવ્યાંગ બાળકોમાં રહેલી સુશુપ્ત શકિતને બહાર લાવી સમાજ સાથે જોડવા જણાવી સરકાર તરફથી મળતા લાભોથી લાભાન્વિત કરવા જણાવ્યું હતું.

સંસ્થાના ડાયરેકટર અમીબેન પટેલે સંસ્થાની કામગીરી અને કાર્યોની રૂપરેખા આપી સૌને વાકેફ કર્યા હતા. આ અવસરે રમતગમત ક્ષેત્રે વિશેષ સિધ્ધી મેળવનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે નનકવાડા ગામના સરપંચ ભીડ ભંજન મંદિરના શિવજી મહારાજ, દાતાઓ સહિત સંસ્થાના કર્મચારીઓ અને બાળકો ઉપસ્થિત રહયા હતા.

## દમણથી ઘુસાડાતો લાખોના દારૂ સાથે ૧ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપી વિસ્તારમાં એલસીબી પેટ્રોલિંગ દરમિયાન પોલીસે દમણથી ગુજરાત તરફ આવતી ક્રેતા કાર નં. GJ-05-JQ-6472 ને શંકાના આધારે રોકી તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ કારમાં ફોર સેલ યુટી એન્ડ દાદરા નગર હવેલી, દમણ દિવ લખેલી અલગ-અલગ બ્રાન્ડની બોટલો મળી હતી. જેમાં અલગ અલગ બ્રાન્ડની ૪,૮૦૬ અને ૪,૮૯૭ બોટલ કબ્જે કરાઈ છે, પોલીસે ૫ લાખની કાર અને દારૂ મળી કુલ રૂપિયા ૭.૫૮ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી કાર ચાલક સરફરાજ અબ્દુલ સત્તાર ખાન રહે. મુંબઈ, મૂળ પ્રતપગઢની ધરપકડ કરી પાઈલોટિંગ કરનાર આઈ ટ્વેન્ટી કાર ના ચાલકને વોન્ટેડ જાહેર કર્યો છે . હાલ ક્રેતા કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વાપીમાં રામદેવજી મંદિરે બે દિવસીય ભજન સંધ્યા કાર્યક્રમ યોજાયો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૪ :** વાપીના નામધા રોડ ઉપર આવેલ રામદેવ મંદિરે ભગવાન રામદેવજી મહારાજના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જન્મોત્સવ નિમિત્તે ગઈકાલે મંદિર પરિસરમાં બે દિવસ ભજન-કીર્તન અને સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું,

જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી ભક્તિરસમાં તરબોળ બન્યા હતા.

આ પ્રસંગે ભક્તિમય ભજનો અને સંગીતની સુરાવલીએ મંદિર પરિસરમાં આધ્યાત્મિક માહોલ સર્જ્યો હતો. ભક્તોએ રામદેવજી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી રામદેવ ચેરિટેબલ ટ્રસ્ટ, વાપીના ટ્રસ્ટીઓ તથા ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મોત્સવ નિમિત્તે મંદિર ખાતે દિવસભર ભક્તોનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

**દમણગંગા ટાઈમ્સ**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com


દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 15, September 2026

## બ્રિક્સ સંમેલનનું સંમતિ ઘોષણાપત્ર ભારતની સફળતા

બ્રિક્સ શિખર સંમેલનમાં ભારે મતભેદ ધરાવતા સભ્ય દેશો વચ્ચે ઘોષણાપત્રના મામલે સંમતિ સધાવીને ભારતે પોતાની રાજદ્વારી કુનેહનો પરચો દુનિયાને કરાવી આપ્યો છે. અલગ-અલગ મુદ્દે ભિન્ન-ભિન્ન હિત ધરાવતા દેશોએ વેપારી સંબંધો, ઊર્જા સહયોગ, ટેક્નોલોજીની આપ-લે, આર્થિક સહકાર, આતંકવાદ અને પ?િમ એશિયાના સંઘર્ષ સહિતના મુદ્દાને આવરી લેતા આ ઘોષણાપત્રમાં સંમતિનો સૂર ભારે મહત્ત્વની ઉપલબ્ધિ છે. ભારતે આ ઘોષણાપત્ર માટે સંમતિ સધાય તે માટે ભારે મહેનત કરી હતી. મોડી રાત સુધી લાંબી અને ઊંડાણપૂર્વકની વાટાઘાટોના અંતે આ સફળતા હાંસલ થઈ હતી. આમાં ખાસ તો ૨૦૨૫ના પહેલગામના આતંકી હુમલાની ટીકા કરાઈ હતી. સાથોસાથ આતંકવાદના તમામ કૃત્યોની સામે સમાન વલણની કટિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. ખાસ તો બ્રિક્સ દેશોએ ત્રાસવાદ વિરોધી કાર્યજૂથ અને તેના પાંચ પેટા જૂથની રચનનાં પગલાંને પણ આ ઘોષણાપત્રમાં આવકાર અપાયો હતો. સીમાપારના આતંકવાદ અને ટેરર ફંડિંગ જેવા પડકારોના સામના માટે પણ દેશોએ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ વખતે બ્રિક્સમાં પશ્ચિમ એશિયાના ત્રણ દેશ ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ પણ સામેલ હતા. સ્વાભાવિક રીતે આ દેશો વચ્ચે સંમતિનો સૂર ઊભો કરવો એ ભારે પડકારભર્યું હતું. વળી મહત્ત્વની બાબત એ હતી કે, ઈરાન અને યુએઈના પ્રતિનિધિઓએ આ સંમેલનમાં એકમેક સાથે વાત કરી હતી. આમ પણ ભારતે બ્રિક્સ ઉપરાંત જી-૨૦, ક્વાડ અને એસસીઓ જેવા સંગઠનોમાં પણ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આવામાં સ્વાભાવિક રીતે જ દુનિયાની નજર આ સંમેલન પર હતી. ભારત આ પ્રભાવ અને સંબંધોના આધારે સંમેલનમાં સભ્યો દેશો વચ્ચે મતભેદો કોરાણે મૂકવામાં સમજાવી શક્યું હતું. આજે જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી સર્વોચ્ચ વૈશ્વિક સંસ્થા જ્યારે વિફળ થઈ રહી છે, ત્યારે આવા નાના અને પ્રભાવશાળી સંગઠનો દુનિયાની સામેના પડકારોના ઉકેલ માટે ચાવીરૂપ બની રહ્યા છે. બ્રિક્સ સંમેલનની મુશ્કેલ સંમતિ અને ઘોષણાપત્ર બાદ હવે સભ્ય અને સહયોગી દેશોએ સમજી લેવાની ખાસ જરૂરત રહેશે કે, પરસ્પરની આ સંમતિ માત્ર કાગળ પૂરતી મર્યાદિત રહી જાય નહીં. આ ઘોષણાપત્રમાં સામેલ ઈરાન, સાઉદી અરેબિયા અને યુએઈ ઉપરાંત ચીને પણ સંમતિના મુદ્દા પર ગંભીરતા સાથે ધ્યાન આપવાની ખાસ જરૂરત રહેશે. આ સંમતિમાં આતંકવાદના મામલે બેવડાં ધોરણ અપનાવવાની વાતનો પણ ઉલ્લેખ છે. ચીને તેની આ પ્રકૃતિને હવે છોડવી પડશે. વળી રશિયાએ પણ દેશ-દેશની અખંડિતતાને માન આપવાના ઘોષણાપત્રના મુદ્દા પર પણ ધ્યાન આપવું જોઈશે. બ્રિક્સ દેશોએ હવે દુનિયાને બતાવી આપવું પડશે કે માત્ર ઘોષણાપત્ર પર સંમતિ સાધીને સંતોષ વ્યક્ત કરવાને બદલે તેને અનુરૂપ પગલાં લેવા માટે પણ કટિબદ્ધતા બતાવવી આપવા તેઓ સંકલ્પબદ્ધ છે. ભારતે આ અગાઉ જી-૨૦ શિખર સંમેલનમાં પણ તમામ દેશો વચ્ચે સંમતિ ઊભી કરવામાં સફળતા મેળવી હતી. તે સમયે યુક્રેનના જંગને લીધે અમેરિકા અને યુરોપના દેશો આકરું વલણ લઈ રહ્યા હતા.

સરવાળે ભારતે બ્રિક્સ દેશોના આ સંમેલન દ્વારા દુનિયાને પોતાની રાજદ્વારી કુનેહનો પરચો કરાવી દીધો છે. બ્રિક્સનાં સમાપન સત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેજિલિયન્સ, ઈનોવેશન, કો-ઓપરેશન અને સસ્ટેનેબિલિટી પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સહિયારા પ્રયાસોને વિન-વિન સહયોગમાં બદલવા જરૂરી છે. તેમણે સંક્રામક બીમારીની રોકથામ, લોજિસ્ટિક સપ્લાય ચેઈનને વધુ ભરોસાપાત્ર બનાવવા અને એ.આઇ.થી ખેતી સુધી ટેકનિકના ઉપયોગ, જિયો સ્પેશિયલ ટેકનોલોજી અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ખેડૂતોની વાસ્તવિક સમસ્યા સાથે જોડવા આગ્રહ કર્યો હતો. ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે બ્રિક્સના દેશો વચ્ચે એ.આઇ.માં સહયોગ વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે વેપાર અને રોકાણને આસાન બનાવવા સૂચન કર્યું હતું. એ માટે સ્માર્ટ પોર્ટલની વાત કરી હતી. શી જિનપિંગે બ્રિક્સના દેશો વચ્ચે ક્લાઉડ પ્લેટફોર્મ સ્થાપિત કરવા અને ડિજિટલ પ્રશિક્ષણ, ટેકનિકલ આદાન-પ્રદાન અને ઉદ્યોગો વચ્ચે સંપર્ક વધારવા પર ભાર મૂક્યો હતો. ચીની રાષ્ટ્રપતિએ બ્રિક્સના દેશોમાં સ્માર્ટ ફેક્ટરી સ્થાપવામાં મદદની દરખાસ્ત કરી હતી.

# રાજ્યમાં આગામી ૪૮ કલાક કેટલાક વિસ્તારોમાં અતિભારે વરસાદની આગાહી



અમારા પ્રતિનિધિ તરફથી
અમદાવાદ,તા. ૧૪ : ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ૧૪ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. ખાસ કરીને આગામી ૪૮ કલાક દરમિયાન કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં એકસાથે અનેક હવામાન પ્રણાલીઓ સક્રિય છે. લો પ્રેશર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને મોન્સૂન ટ્રફ જેવી સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. આગામી બે દિવસ દરમિયાન કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ પડી શકે છે. જોકે, ત્યારબાદ ધીમે ધીમે વરસાદની તીવ્રતા ઘટવાની અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે ગુજરાતભરમાં વલસાડી, ભરૂચ, નવસારી, ખેડા, દમણ, દાદરાનગર હવેલીમાં ભારે વરસાદ પડ્યો હતો. જ્યારે આણંદ, પંચમહાલ, મહેસાણામાં પણ ભારે વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદની આગાહીને પગલે માછીમારોને પણ આગામી બે દિવસ દરમિયાન દરિયો ન ખેડવા માટે અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા પણ ભારે વરસાદની શક્યતાવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા અને જરૂરી તકેદારી રાખવા જણાવાયું છે.

દરમિયાનમાં આજે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના અનેક વિસ્તારોમાં ૧૦ ઇંચ વરસાદના પગલે જળબંબાકાર થઈ ગયા હતી. સતત ધોધમાર વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પાણી ભરાતા મીઠાખળી અંડર પાસ પણ થોડા સમય માટે બંધ કરાયો હતો. અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં હજુ પણ ભારે વરસાદનું એલર્ટ છે. અમદાવાદમાં આજે સવારથી જ વળી પાછો ધોળે દિવસે અંધારપટ છવાયેલો હોવાનો માહોલ જોવા મળ્યો છે. સતત ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ અસર પામી છે.

# આજે ૨૨ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪ : દેશના અનેક વિસ્તારોમાં ચોમાસું ફરી સક્રિય થતાં હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગ(IMD) દ્વારા ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે દેશના ૨૨થી વધુ રાજ્યોમાં ભારે વરસાદ, ગાજવીજ, વીજળી પડવા અને તેજ પવનની ચેતવણી આપવામાં આવી છે.દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર ગુજરાતની આસપાસ સક્રિય લો-પ્રેશર સિસ્ટમના કારણે પશ્ચિમ ભારતમાં વરસાદની સ્થિતિ વધુ ગંભીર બની છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદની શક્યતા છે. બીજી તરફ, બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતથી લઈને પૂર્વોત્તર ભારત સુધી વરસાદનું જોર યથાવત રહેવાની આગાહી છે.

ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં લો-પ્રેશર સિસ્ટમની અસર સૌથી વધુ જોવા મળી શકે છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારોમાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં પણ ભારેથી અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ કેટલાક સ્થળોએ પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા છે. તોફાની પવન અને ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને લોકોને ખુલ્લા વિસ્તારમાં જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. દિલ્હી-NCR સહિત હરિયાણા અને પંજાબમાં ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

આ દરમિયાન ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનના ઝાપટા આવવાની શક્યતા છે. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટી શકે છે અને સવાર-સાંજના સમયે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વરસાદનું પ્રમાણ વધુ વ્યાપક રહેવાની આગાહી છે.

# ઓમાનમાં નાવિકો પર હુમલો સાંખી નહીં લેવાય : વિદેશ મંત્રાલય

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : પશ્ચિમ એશિયાના અત્યંત સંવેદનશીલ દરિયાઈ વિસ્તારમાં વેપારી જહાજો પર વધી રહેલા હુમલાઓએ વૈશ્વિક સ્તરે સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. તાજેતરમાં ઓમાનના દરિયાકાંઠે એક વેપારી જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ ભારત સરકારના વિદેશ મંત્રાલયે વિરોધ નોંધાવ્યો છે અને દરિયાઈ ક્ષેત્રમાં વધતા તણાવ સામે ચિંતા વ્યક્ત કરી છે. આ જહાજ પર ઉપસ્થિત મોટાભાગના ક્રૂ મેમ્બર્સ ભારતીય નાગરિકો હતા, જેના કારણે સમગ્ર મામલો ભારત માટે પણ સંવેદનશીલ બની ગયો છે. ઓમાન તટ નજીક કમર્શિયલ જહાજ સ્ુઈન્ન ક્ષ્ફ્રૈક્ક પર હુમલો થયો હતો.
આ જહાજ પર કુલ ૧૪ ભારતીય ક્રૂ સભ્યો સવાર હતા. હુમલા બાદ તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં ૧૩ ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે ૧ ભારતીય નાવિક હજુ પણ લાપતા છે.

અમે ઓમાન તટ નજીક કોમર્શિયલ જહાજ MT El Gaia પર થયેલા હુમલાની સખત નિંદા કરીએ છીએ. જહાજ પર સવાર ૧૪ ભારતીય ક્રૂ મેમ્બર્સમાંથી અત્યાર સુધીમાં ૧૩ ભારતીયોને બચાવી લેવાયા છે. લાપતા ભારતીય નાગરિક માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન આગળ વધારવામાં આવી રહ્યું છે. ઓમાનમાં સ્થિત અમારું દૂતાવાસ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ઓમાન પ્રશાસન સાથે સંકલન સાધી રહ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે મુશ્કેલ પરિસ્થિતિમાં ભારતીય નાગરિકોને બચાવવા માટે ઓમાન દ્વારા આપવામાં આવેલા સહયોગ બદલ તેમનો આભાર પણ માન્યો હતો.

# રાજસ્થાનમાં ભાજપનો સફાયો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
જયપુર, તા.૧૪ : રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬ના પરિણામોમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીને પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગઢ ગણાતા ઝાલાવાડમાં મોટો આંચકો લાગ્યો છે. દાયકાઓથી રાજે પરિવારનો અભેદ્ય કિલ્લો મનાતા ઝાલાવાડ નગર પરિષદમાં કોંગ્રેસે એકતરફી પ્રદર્શન કરીને ભાજપના બોર્ડને ઉથલાવી દીધું છે અને સ્પષ્ટ બહુમતી સાથે ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. ઝાલાવાડ નગર પરિષદના કુલ ૪૫ વોર્ડ માટે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસે ૨૯ બેઠકો જીતીને બહુમતી માટે જરૂરી ૨૩ના જાદુઈ આંકડાને સરળતાથી પાર કરી લીધો છે. હવે અહીં નગર પરિષદના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ પર કોંગ્રેસના ઉમેદવારની પસંદગી નિશ્ચિત બની ગઈ છે.

**રાજસ્થાન સ્થાનિક ચૂંટણી ૨૦૨૬માં કોંગ્રેસે ઝાલાવાડ નગર પરિષદમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે**

કોંગ્રેસઃ ૨૯ વોર્ડમાં શાનદાર વિજય ભાજપઃ માત્ર ૧૩ વોર્ડમાં સમેટાઈ ગયું

અપક્ષઃ ૨ બેઠકો પર વિજય

આમ આદમી પાર્ટી (AAP): ૧ બેઠક પર વિજયવસુંધરા રાજે અને દુષ્યંત સિંહના ગઢમાં ગાબડુંઝાલાવાડ અને ઝાલરાપાટન વિસ્તાર દાયકાઓથી પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે અને તેમના પુત્ર તથા વર્તમાન સાંસદ દુષ્યંત સિંહનો રાજકીય ગઢ રહ્યો છે. આ વિસ્તાર ઝાલાવાડ-બારા લોકસભા સીટ હેઠળ આવે છે, જ્યાંથી દુષ્યંત સિંહ સતત સાંસદ તરીકે ચૂંટાઈ રહ્યા છે.

આ અગાઉ ખુદ વસુંધરા રાજે પણ આ લોકસભા બેઠક પરથી ૫ વખત સાંસદ રહી ચૂક્યા છે.

સ્થાનિક રાજકીય વર્તુળો મુજબ, ઉમેદવારોની પસંદગીમાં આંતરિક અસંતોષ અને જૂથબંધી ભાજપના આ નબળા પ્રદર્શન પાછળનું મુખ્ય કારણ મનાઈ રહ્યું છે. વસુંધરા રાજેના પોતાના વિધાનસભા ક્ષેત્ર ઝાલરાપાટનમાં ભાજપે ૨૨ બેઠકો જીતીને પોતાની શાખ બચાવી રાખી છે, જ્યારે અકલેરા અને મનોહરથાનામાં પણ ભાજપનું બોર્ડ બનવા જઈ રહ્યું છે.

બીજી તરફ પિડાવા નગરપાલિકામાં કોઈપણ પક્ષને સ્પષ્ટ જનાદેશ મળ્યો નથી, જ્યાં આમ આદમી પાર્ટી કિંગમેકરની ભૂમિકામાં આવી ગઈ છે.

# ભારતીય સેનાની મોટી શરત સ્વીકારી

# LAC પર ચીને સૈનિકોની તહેનાતી ઘટાડી





**બ્રિક્સ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગની મુલાકાત બાદ ભારત-ચીન સંબંધો સુધર્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૪ : બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આવેલા ચીનના પ્રમુખ શી જિનપિંગની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ બંને દેશોના સંબંધો ફરી એકવાર પાટા પર આવતા દેખાઈ રહ્યા છે. આવું એટલા માટે, કારણ કે ચીને ભારત સાથે જોડાયેલી વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પોતાની PLA-સેનાની તહેનાતીમાં પણ મોટો ઘટાડો કરી દીધો છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો છે. આમ સરહદ પર તણાવ ઘટાડવાની ભારતની આકરા વલણવાળી શરતો સામે ચીને નમતું જોખવું પડ્યું છે. સંરક્ષણ મંત્રાલયના તાજેતરના રિપોર્ટ (૨૦૨૫-૨૬) પ્રમાણે ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૫માં ઉત્તરીય સરહદો સામે પિપલ્સ લિબરેશન આર્મી (PLA)ની તહેનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. રિપોર્ટ પ્રમાણે LACને અડીને આવેલા ચીનના વિસ્તારો અને પરંપરાગત તાલીમ વિસ્તારોમાં PLAની ૧૦-૧૦ કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ તહેનાત છે. આ રિપોર્ટને હાલમાં જ સંરક્ષણ મંત્રાલયની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે.

આ રિપોર્ટ પરથી એવું પ્રતીત થાય છે કે ૨૦૨૪માં ડિસએંગેજમેન્ટની પ્રક્રિયા બાદ ચીની સેના હવે ભારતીય સેનાની ડિ-એસ્કેલેશન (સરહદ પર સૈનિકોનો ઘટાડો)ની બીજી શરત માની ગઈ છે. જોકે હજુ ડિ-ઈન્ડક્શન એટલે કે સૈનિકોને સંપૂર્ણ રીતે બેરેકમાં પાછા મોકલવાની ત્રીજી શરત બાકી છે. ત્યારે જ ૨૦૨૦ એટલે કે ગલવાન ઘાટીની અથડામણ પહેલાંની સ્થિતિ ન્છઝ પર કાયમ થઈ શકશે અને બંને દેશોની સેનાઓ વચ્ચેના સંબંધો સામાન્ય ગણાશે. બીજી તરફ, અરુણાચલ પ્રદેશમાં પણ છેલ્લા એક મહિનાથી ભારત અને ચીનની સેનાઓ વચ્ચે અપર-સુબાનસિરી વિસ્તારમાં ફેસ-ઓફ ચાલી રહ્યું છે. ગતિરોધને ખતમ કરવા માટે ભારત અને ચીનના કોર કમાન્ડર સ્તરની બે વાર બેઠક થઈ ચૂકી છે. પરંતુ તણાવ યથાવત છે. સંરક્ષણ મંત્રાલયના અહેવાલ પ્રમાણે ન્છઝના તમામ સેક્ટર (પૂર્વ લદ્દાખથી લઈને અરુણાચલ પ્રદેશ સુધી), ભારતીય સેનાની તહેનાતી અત્યંત મજબૂત અને સારી સ્થિતિમાં છે અને તે કોઈ પણ ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટે તૈયાર છે.

ચીનની કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ ભારતીય સેનાની એક ડિવિઝન બરાબર હોય છે એટલે કે ૧૪-૧૫ હજાર સૈનિકો. આવી સ્થિતિમાં જો LAC પર ચીનની PLAની ૧૦ કમ્બાઈન્ડ બ્રિગેડ તેનાત છે તો માની શકાય કે હાલમાં લગભગ દોઢ લાખ સૈનિકો ન્છઝ પર તહેનાત છે. જેમાં ઈન્ફેન્ટ્રી બટાલિયન ઉપરાંત મિકેનાઈઝ્ડ કોલમ એટલે કે સશસ્ત્ર વાહનો, આર્ટિલરી (તોપખાનું), એર ડિફેન્સ સિસ્ટમ અને ડ્રોન વોરફેર સાથે જોડાયેલી યુનિટ્સ સામેલ હોય છે.

# ઑગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪ : દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા છે. સરકાર દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, ઑગસ્ટ મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને ૪.૮૨% થઈ છે. જુલાઈમાં રિટેલ મોંઘવારી દર ૪.૪૫% હતો.

ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોંઘવારી પર દબાણ વધ્યું છે. ઑગસ્ટમાં ખાદ્ય મોંઘવારી દર જુલાઈના ૫.૫૨%થી વધીને ૫.૯૫% થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં ખાદ્ય મોંઘવારી ૫.૬૪%, જ્યારે શહેરી વિસ્તારમાં ૬.૧૩% નોંધાઈ છે.

ઑગસ્ટમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ડુંગળીની મોંઘવારી દર જુલાઈના ૨૨.૫૪%થી વધીને ઑગસ્ટમાં ૪૮.૨૭% થઈ ગયો છે. જ્યારે લસણની મોંઘવારી દર ૩૫.૩૬%થી વધીને ૪૩.૬૦% પર પહોંચી છે.

બીજી તરફ, આદુના ભાવમાં થોડી રાહત જોવા મળી છે. આદુની મોંઘવારી દર જુલાઈના ૮૩.૫૭%થી ઘટીને ઑગસ્ટમાં ૭૩.૮૨% થયો છે. ડુંગળી અને લસણના ભાવ વધ્યા હોવા છતાં કેટલીક શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઑગસ્ટમાં ટામેટાના ભાવમાં ૩૧.૦૯%નો ઘટાડો થયો છે, જ્યારે જુલાઈમાં આ ઘટાડો ૪.૬૦% હતો.

બટાકાની મોંઘવારી દર -૧૩.૧૪% રહી છે, જે જુલાઈના -૧૬.૫૬% કરતાં ઓછી ઘટાડાની સ્થિતિ દર્શાવે છે. ભીંડાના ભાવમાં પણ ૫.૪૧%નો ઘટાડો નોંધાયો છે.

# રશિયાની રિફાઈનરીઓને નિશાન બનાવતા ટ્રમ્પે ઝેલેન્સ્કીની ટીકા કરી

(જી.એન.એસ) તા. ૧૪
વોશિંગ્ટન/કિવ,
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના યુક્રેનિયન સમકક્ષ વોલોડીમિર ઝેલેન્સ્કીની રશિયન ઓઈલ રિફાઈનરીઓને નિશાન બનાવવા બદલ ટીકા કરી હતી, કારણ કે તેનાથી અન્ય દેશોને "નુકસાન" થઈ રહ્યું છે અને ક્રૂડ ઓઈલની અછત સર્જાઈ રહી છે. યુરોપમાં યુદ્ધ પાંચમા વર્ષમાં પ્રવેશ્યું છે ત્યારે આ એવા દુર્લભ પ્રસંગોમાંનો એક છે જ્યારે ટ્રમ્પે જાહેરમાં ઝેલેન્સ્કીની ટીકા કરી હોય. આયર્લેન્ડની બે દિવસીય મુલાકાતે આવેલા ટ્રમ્પે કહ્યું કે ઝેલેન્સ્કીએ રશિયામાં "ડીઝલ ઈંધણના પુરવઠાને અટકાવવાનું" બંધ કરવું જોઈએ કારણ કે તેનાથી સમગ્ર વિશ્વમાં અછત સર્જાઈ છે. જોકે, ટ્રમ્પે ઈરાન સામેની પોતાની કાર્યવાહીને પણ યોગ્ય ઠેરવી હતી અને કહ્યું હતું કે યુક્રેન યુદ્ધ પણ વૈશ્વિક સ્તરે ઈંધણ સંકટ માટે જવાબદાર છે.

"તેમને લક્ષ્યો પર હુમલો કરવા દો, પરંતુ ડીઝલ ઈંધણ પર નહીં, કારણ કે તેઓ ડીઝલની અછત ઊભી કરી રહ્યા છે. આવું મધ્ય પૂર્વ દ્વારા કરવામાં નથી આવી રહ્યું, પરંતુ રશિયા અને યુક્રેન વચ્ચે જે થઈ રહ્યું છે તેના કારણે આવું થઈ રહ્યું છે," એમ તેમણે ડૂનબેગમાં તેમના ગોલ્ફ ક્લબ ખાતે પત્રકારોને કહ્યું. "અન્ય ઘણા લક્ષ્યો છે. ડીઝલ ઈંધણ પર હુમલો ન કરો કારણ કે તેનાથી નુકસાન થઈ રહ્યું છે. તેનાથી વિશ્વને નુકસાન થઈ રહ્યું છે. અમે નથી ઈચ્છતા કે તેઓ ડીઝલ ઈંધણ પર હુમલો કરે... તેઓ ડીઝલ રિફાઈનરીઓ પર હુમલો કરી રહ્યા છે."

મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયા બાદથી તેલના ભાવ ઊંચા રહ્યા છે; ઈરાને હોર્મુઝની સામુદ્રધુની (જીંઠ્ઠૈં ક ઉંફ્રઙ્ઘિ) બ્લોક કરી દીધી હતી, જેમાંથી વિશ્વનું લગભગ ૨૦ ટકા ક્રૂડ ઓઈલ પસાર થાય છે. તે જ સમયે, યુક્રેને રશિયન રિફાઈનરીઓ પરના હુમલા તેજ કર્યા છે, જ્યારે મોસ્કોએ પણ જોરદાર વળતો જવાબ આપ્યો છે.

# દિશા સાલિયાન કેસઃ CBIની FIRમાં આદિત્ય ઠાકરેનું નામ




(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૧૪ : દિવંગત અભિનેતા સુશાંત સિંહની મેનેજર રહી ચૂકેલી દિશા સાલિયાનનો કેસ ફરી એકવાર ચર્ચામાં છે. આ મામલે CBI દ્વારા નોંધવામાં આવેલી FIRમાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, તેમના પુત્ર અને પૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે સહિત અનેક મોટા નામ સામેલ કરવામાં આવ્યા છે. FIRમાં હત્યા, સામૂહિક બળાત્કાર, ગુનાહિત કાવતરું, પુરાવા નષ્ટ કરવા અને ખોટી માહિતી આપવા જેવા ગંભીર આરોપોની તપાસની માગ કરવામાં આવી છે.

જોકે, અહીં એક ખૂબ જ મહત્વની વાત સમજવી જરૂરી છે. FIRમાં નામ આવવાનો અર્થ એ નથી કે સંબંધિત વ્યક્તિઓને આરોપી બનાવવામાં આવ્યા છે. FIRમાં જે લોકોના નામ છે, તેમની ભૂમિકાની તપાસ કરવાની માગ કરવામાં આવી છે. પોલીસની તપાસ બાદ જ નક્કી થશે કે કયા વ્યક્તિ સામે પૂરતા પુરાવા છે અને તેની સામે આગળ શું કાર્યવાહી કરવામાં આવશે.

# ઈન્ડોનેશિયામાં ૨૪૦ લોકો લઈ જતું જહાજ દરિયામાં ડૂબ્યું

**૧૩૦ યાત્રી લાપતા, ૬ લોકોના મોત**



(સંપૂર્ણ સમાચાર સેવા)
બોર્નિયો, તા.૧૪
ઈન્ડોનેશિયાના બોર્નિયો ટાપુ નજીક જાવા સમુદ્રમાં એક જહાજ ડૂબવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં ૨૪૦ થી વધારે લોકો સવાર હતા. આ જહાજનો સંપર્ક તૂટયા બાદ શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૬ લોકોના મોત થયા છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું કે બચાવ અભિયાન તેજ કરાતા છ મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે ૧૦૭ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૩૦ મુસાફરો હજુ પણ ગુમ છે અને તેમની શોધ ચાલી રહી છે .આ જહાજ પૂર્વ જાવાના સુરાબાયાથી દક્ષિણ કાલીમંતન પ્રાંતના બંજારમાસિન જઈ રહી હતી.બંજારમાસિન સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા આઈ પુટુ સુદયનાએ જણાવ્યું હતું કે જહાજના કેપ્ટને દરિયામાં ૧૦ ફૂટ ઊંચા મોજાની જાણ કરતા પહેલા ડિસ્ટ્રેસ કોલ મોકલ્યો હતો.જેમાં કહેવામાં આવ્યું હતું કે જહાજ એક તરફ ઝૂકી રહ્યું છે. અધિકારીઓને પાછળથી ખબર પડી કે જહાજ પલટી ગયું છે અને પછી ડૂબી ગયું છે.

# ‘દર વખતે ભારત વિશે જ ન વિચારી શકીએ’ : બાંગ્લાદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૪
BRICS સંમેલનમાં આમંત્રણ પ્રોટોકોલને લઈને ઊભા થયેલા વિવાદ બાદ હવે બાંગ્લાદેશ પોતાની અકળામણ ઠાલવી રહ્યું છે. બાંગ્લાદેશના વિદેશ રાજ્ય મંત્રી હુમાયૂં કબીરે જણાવ્યું છે કે, દેશ હવે ભારત સાથેના પોતાના સંબંધોને શેખ હસીનાના શાસનકાળ જેવા જાળવી રાખવા માંગતો નથી. તેમણે તીખા અવાજે કહ્યું કે, ‘અમે સવારના નાસ્તા, બપોરના લંચ અને રાતના ડિનર વખતે દર વખતે માત્ર ભારત વિશે જ ન વિચારી શકીએ. અમારે આ માનસિકતાથી આગળ વધવું પડશે.’ ઢાકામાં પત્રકારો સાથે વાતચીતમાં વિદેશ રાજ્ય મંત્રી હુમાયૂં કબીરે જણાવ્યું કે, બાંગ્લાદેશ ભારત સાથેના પોતાના રાજદ્વારી સંબંધોને નવા દ્રષ્ટિકોણથી વ્યાખ્યાયિત કરવા માંગે છે અને છેલ્લા 15 વર્ષના પરંપરાગત ઢાંચાથી આગળ વધવા માંગે છે.

જ્યારે પત્રકારોએ પૂછ્યું કે શું વડાપ્રધાન તારિક રહેમાન સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે, ત્યારે કબીરે અકળાઈને કહ્યું કે, ‘તમારો સવાલ જ યોગ્ય નથી. ભારત પ્રત્યેના તમારા મોહમાંથી બહાર નીકળો. ભારત માત્ર એક પાડોશી દેશ છે, જેની સાથે અમે સારા દ્વિપક્ષીય સંબંધો ઈચ્છીએ છીએ.’ તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન તારિક રહેમાન 21 સપ્ટેમ્બરે યુએન જનરલ એસેમ્બલીમાં ભાગ લેવા ઢાકાથી રવાના થશે અને કોઈ બહુપક્ષીય કાર્યક્રમના ભાગરૂપે હાજરી આપવાને બદલે તેઓ સ્વતંત્ર દ્વિપક્ષીય પ્રવાસોને વધુ પ્રાધાન્ય આપશે.બાંગ્લાદેશના ચીફ વ્હિપ દ્વારા ભારત સાથે થયેલા 101 કરારોની પુનઃતપાસ અંગે પૂછાયેલા સવાલના જવાબમાં કબીરે કહ્યું કે, આ કરારોની સંસદીય પ્રક્રિયા દ્વારા તપાસ અને સમીક્ષા કરવામાં આવી રહી છે.

# અન્ય સમાચારો

Tuesday 15, September 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# ગાંધીનગરમાં આજથી વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ

## મહાત્મા મંદિર ખાતે અંદાજે ૬૫થી વધુ દેશોના ૨ હજારથી વધુ હિસ્સેદારો ભાગ લેશે, ૧૨૫થી વધુ પ્રદર્શનકર્તાઓ આંતરરાષ્ટ્રીય એક્સ્પોમાં સર્ક્યુલરિટી સોલ્યુશન્સનું પ્રદર્શન કરશે

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૧૪ :** સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર ૧૫ થી ૧૬મી, સપ્ટેમ્બર દરમિયાન મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ગુજરાત ખાતે વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ (WCEF) ૨૦૨૬નું આયોજન કરાશે. ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે. આ ફોરમનું આયોજન સર્ક્યુલર ઈકોનોમી ટ્રાન્સિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરીટી થીમ હેઠળ કરવામાં આવશે, ત્યારબાદ ૧૭ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન એક્સેલરેટર સત્રો યોજાશે.

જ્યારે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપનાર અન્ય મહાનુભાવોમાં ગુજરાતના વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રી અર્જુન મોઢવાડિયા, ભારતમાં ફિનલેન્ડના રાજદૂત એચ.ઈ. મિક્કો કિવિકોસ્કી, સિત્રા (SITRA) ના પ્રમુખ એટે જાસ્કેલાઈનન, આર્થિક બાબતો અને આબોહવા મંત્રાલય (નેધરલેન્ડ)ના સર્ક્યુલર ઈકોનોમી નિયામક મેરીકે સ્પાઈકરબોઅર તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થશે. સર્ક્યુલરિટીનો મુખ્ય હેતુ હાલની સામગ્રી અને ઉત્પાદનોનો પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઈક્લિંગ કરીને તેને મૂલ્યવાન સંસાધનો તરીકે ફરીથી અર્થતંત્રમાં લાવવાનો છે. આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, ફિનિશ ઈનોવેશન ફંડ સિત્રા (Sitra), ફિનલેન્ડ સરકાર, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, ગુજરાત સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ ઈવેન્ટમાં અંદાજે ૬૫ થી વધુ દેશોના ૨૦૦૦થી વધુ હિસ્સેદારો ભાગ લેશે. જેમાં વ્યાપારી નેતાઓ, ઉદ્યોગસાહસિકો, સંશોધકો, નીતિ ઘડવૈયાઓ, શિક્ષણવિદો અને અન્ય મહાનુભાવો સામેલ થશે. ૧૫-૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન, આ ફોરમમાં AI નો ઉપયોગ, રોજગારની ક્ષમતા, ઉર્જા ઉત્પાદન, નાણા, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ જેવા વિષયો પર ૦૪ પ્લેનરી અને ૧૬ સંતોષકારક થીમ આધારિત સત્રો યોજાશે. આ ઉપરાંત,૧૨૫ થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનકર્તાઓ સાથેનો એક્સ્પો સ્ટાર્ટ-અપ્સ દ્વારા વિકસાવવામાં આવેલા વ્યવહારુ ઉકેલોનું પ્રદર્શન કરશે. આ ઉપરાંત ૧૭-૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ, વૈશ્વિક સહયોગીઓ ગાંધીનગર તેમજ વિશ્વભરના અન્ય સ્થળોએ ઓનલાઈન-હાઈબ્રિડ અને રૂબરૂમાં ૮૦ એક્સેલરેટર સત્રો સ્વતંત્ર રીતે યોજશે. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સમાપન સમારોહમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ફિનલેન્ડના આબોહવા અને પર્યાવરણ મંત્રી સારી મુલ્તાલા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવીણભાઈ માળી સહિતના અગ્રણીઓ હાજર રહેશે. આ કાર્યક્રમનું સમાપન સિત્રાના પ્રમુખ દ્વારા આગામી યજમાનને વિધિવત હેન્ડઓવર કરીને કરવામાં આવશે.

# નામધા ભંડારી સ્ટ્રીટ ત્રણ રસ્તા પર પડેલા ખાડાઓ પુરાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૪ :** વાપી-નામધા મુખ્ય માર્ગ પર આવેલા ભંડારી સ્ટ્રીટ ત્રણ રસ્તા ખાતે મુખ્ય માર્ગ ઉપર પડેલા મોટા ખાડાઓને લઈ વાહનચાલકો અને રાહદારીઓને પડતી મુશ્કેલીનો આખરે અંત આવ્યો છે. વાપી મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે માર્ગનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવતા સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૮ વિસ્તારમાં આવતા ભંડારી સ્ટ્રીટ ત્રણ રસ્તા ખાતે છેલ્લા કેટલાક દિવસોથી મુખ્ય માર્ગ પર ચારથી પાંચ જેટલા મોટા ખાડા પડી ગયા હતા. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી પડતી હતી, જ્યારે રાહદારીઓ માટે પણ અકસ્માતનો ભય સર્જાયો હતો.

હાલમાં ગણેશ ઉત્સવનો માહોલ હોવાથી આ માર્ગ પર લોકોની અવરજવર પણ વધી છે. આ અંગેની જાણ મનપાના વોર્ડ નંબર ૮ના ભાજપના સભ્ય રણજીતભાઈ પટેલને થતાં તેમણે તાત્કાલિક વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગનો સંપર્ક કરી માર્ગનું સમારકામ કરાવવા માટે તૈયાર સિમેન્ટ કોન્ક્રીટ નો માલ મંગાવી માર્ગનું રીપેરીંગ કામ કરાવી દેવામાં આવ્યું હતું જેને લઈ આ રસ્તા ઉપર થી પસાર થતાં લોકોને રાહત થવા પામી છે.

# ગુજરાતના મુખ્યમંત્રીએ જૈન-જૈનેતર નાગરિકોને 'મિચ્છામી દુક્કડમ' કર્યા

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૪ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૈન અને જૈનેતર નાગરિક ભાઈ-બહેનોને સંવત્સરી પર્વ પ્રસંગે 'મિચ્છામી દુક્કડમ' પાઠવ્યા છે. તેમણે પર્યુષણ મહાપર્વને ક્ષમાપના અને ઉપકાર સ્મરણનું પર્વ ગણાવતાં જણાવ્યું છે કે, મન, વચન અને કર્મથી જાણે-અજાણે થયેલી ભૂલોની ક્ષમા-યાચનાનું આ પર્વ છે. ભગવાન શ્રી મહાવીરના ક્ષમા, સંતોષ, સરળતા, વિનમ્રતા તેમજ કરૂણા અને જીવદયાના સિદ્ધાંતોને સમાજ જીવનમાં આત્મસાત કરનારૂં આ પર્યૂષણ પર્વ, સામાજિક સમરસતા અને માનવતાની શક્તિઓને વધુ - ગાઢ બનાવશે એવી શ્રદ્ધા પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કરી છે.

# અમદાવાદ ઍરપૉર્ટ પર ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરો રઝળ્યા

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૪ :** અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ પર આજે વિવિધ એરલાઇન્સની ફ્લાઇટ્સ રદ થતાં મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા હતા. સ્ટાર એર અને ઈન્ડિગોની દીવ રૂટની ફ્લાઇટ્સ તેમજ અકાસા એરની કોલકાતા જતી-આવતી ફ્લાઇટ રદ રહેતાં ઍરપૉર્ટ પર મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

અમદાવાદથી દીવ થઈ ગોવા જતી સ્ટાર એરની ફ્લાઇટ લ્પ ૪૨૪ અચાનક રદ કરવામાં આવતાં મુસાફરો અટવાઈ પડ્યા હતા. મુસાફરોના જણાવ્યા અનુસાર, તેઓએ એરલાઇનના સિનિયર અધિકારીઓ સમક્ષ વૈકલ્પિક વ્યવસ્થા માટે રજૂઆત કરી હતી, પરંતુ સ્ટાફ તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નહોતો. સ્પષ્ટ માહિતી અને મદદના અભાવે મુસાફરો લાચાર બની માનસિક ત્રાસ ભોગવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

માત્ર સ્ટાર એર જ નહીં, પરંતુ અન્ય એરલાઇન્સના મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડી હતી. સ્ટાર એરની સવારે અમદાવાદથી દીવ જતી અને સાંજે પરત ફરતી બંને ફ્લાઇટ્સ રદ રહી હતી. ઈન્ડિગો એરલાઇન્સની પણ અમદાવાદ-દીવ વચ્ચેની આવતી અને જતી ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. અકાસા એરલાઇનની અમદાવાદથી કોલકાતા જતી અને ત્યાંથી પરત આવતી ફ્લાઇટ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

# ચીખલી તાલુકામાં શ્રીજીની મૂર્તિઓની ભક્તોએ સ્થાપના કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ચીખલી, તા.૧૪ :** ચીખલી પંથક સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ ભક્તોએ ગણપતિ બાપાની વાજતે ગાજતે સ્થાપના કરી છે જેમાં કેટલાક ભક્તજનોએ પાંચ, સાત અને અનંત ચૌદસ સુધી સ્થાપના કરાતા જેની ચીખલી પોલીસ મથકમાં જેની નોંધણી કરાતા ૨૫૦ થી વધુ નાની મોટી મૂર્તિઓની સ્થાપના કરી હોવાની નોંધણી કરવામાં આવી છે.

ચીખલી તાલુકામાં ધાર્મિક તહેવારોની ઉજવણી ધામધૂમ પૂર્વક કરવામાં આવતી હોય છે ત્યારે આજે ગણપતિ સ્થાપના દિને ભક્તજનો દ્વારા ગણપતિ બાપાનું આગમન ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું છે અને અનંત ચૌદસ સુધી ગણપતિ બાપા ની પૂજા અર્ચના કરવામાં આવશે ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગલીએ ગલીએ ગણપતિ બાપાની સ્થાપના કરવામાં આવી છે જ્યારે કેટલાક ગામોમાં સાંજના સમયે રોજના મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવતું હોય છે. ગણપતિ બાપાનું વિસર્જન માટે ચીખલી કાવેરી નદી, ખરેરા નદી તથા કેટલાક ગામોમાં આવેલ તળાવોમાં કરવામાં આવતું હોય છે ત્યારે ચીખલી તાલુકામાં ૨૫૦ થી વધુ જેટલી નાની મોટી મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે.

# ગાંધીનગરમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપનાર બિહાર-ઝારખંડથી ઝડપાયા

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૪ :** ગાંધીનગર સચિવાલય અને કોર્ટ તથા અમદાવાદની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈ-મેઈલ મામલે ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમને મોટી સફળતા મળી છે. બિહાર અને ઝારખંડથી આ મામલે બે શખસની ધરપકડ કરાઈ છે. ૨૦૨૨થી આ શખશ થ્રેટ મેઈલ માટે ઈ-મેઈલ આઈડી અને પાસવર્ડ બનાવતા હોવાનો ખુલાસો થયો છે.

૧૦ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં સચિવાલયને ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકી આપવામાં આવી હતી. ટેકનિકલ તપાસ દરમિયાન ધમકીભર્યા ઈ-મેઈલનું લોકેશન બિહારના ભાગલપુરમાં મળ્યું હતું જેના આધારે ટીમે બિહાર પોલીસના સહયોગથી રોશન કુમારની અટકાયત કરી હતી. તપાસ દરમિયાન અન્ય એક વ્યક્તિ ગુલશન કુમારનું લોકેશન ઝારખંડમાં મળતાં તેની પણ અટકાયત કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૫,૧૩,૮૪૭થી વધુ ઈ-મેઈલ આઈડી અને પાસવર્ડ બનાવ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ આઈડી-પાસવર્ડ અન્ય લોકોને વેચવામાં આવતા હોવાની પણ માહિતી મળી છે. સાયબર તપાસ દરમિયાન બે ક્રિપ્ટો વોલેટ પણ મળી આવ્યા છે. આ વોલેટ મારફતે કેટલા વ્યવહારો થયા છે, કોની સાથે નાણાકીય લેવડદેવડ થઈ છે અને આ સમગ્ર નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે અંગે તપાસ ચાલી રહી છે.

# સુરત ફૂડ પોઈઝનિંગ બાદ રાજ્યભરમાં તંત્રની તવાઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા) સુરત,તા.૧૪ :** સુરતના અબ્રામા ખાતે હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગના કારણે આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ બિનમાર્ગીય ખોરાકથી અસરગ્રસ્ત થયા બાદ સમગ્ર રાજ્યનું આરોગ્ય તંત્ર કડક એક્શન મોડમાં આવી ગયું છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા ગઈકાલે આપવામાં આવેલા આદેશો બાદ રાજ્યભરમાં હોસ્ટેલો અને કેન્ટીનો સામે મોટું ઝુંબેશ ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશન હેઠળ રાજ્યભરની ૪૭ સરકારી, ૨૧ અર્ધસરકારી અને ૧૩૨ ખાનગી મળીને કુલ ૨૦૦ હોસ્ટેલ-કેન્ટીનોમાં ફૂડ વિભાગની ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં વિદ્યાર્થિનીનો ફાંસો ખાઈ આપઘાત

**અમારા પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૧૪ :** અમદાવાદના સરખેજ ધોરણ.૧૨ કોમર્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતાં ભારે ચકચાર મચી ગઈ છે. સગીરાને તેની સાથે જ ભણતા સગીર વયના સહાધ્યાયી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો.

આ પ્રેમસંબંધથી નારાજ સગીરની માતાએ સગીરાના ઘરે પહોંચી ભારે હોબાળો મચાવી સગીરાને ઉશ્કેરી હતી. આ સમગ્ર ઘટનાક્રમના ઓડિયો અને સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સરખેજ પોલીસે સગીરની માતા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મૃતક સગીરા ધોરણ-૧૨ કોમર્સની વિદ્યાર્થિનીને તેની સાથે અભ્યાસ કરતા સગીર સાથે પ્રેમસંબંધ હતો. અગાઉ બંને વચ્ચેના મોબાઈલ મેસેજ સગીરાની માતાના ધ્યાને આવતાં સગીરાના માતા-પિતાએ સગીરના ઘરે જઈ બંનેને કારકિર્દી અને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવ્યા હતા તેમ છતાં બંને સ્કૂલના મેદાનમાં સાથે બેઠેલા જોવા મળતાં આચાર્યએ બંને પરિવારોને શાળાએ બોલાવી આ અંગે જાણ કરી હતી.

સગીરની માતા નેહા ઉશ્કેરાઈને મૃતક સગીરાના ઘરે પહોંચી ગઈ હતી. નેહાએ સગીરાને માનસિક ત્રાસ આપ્યો હતો અને જણાવ્યું કે, દવા પીને મરી જવાય, કોઈ ઘરે ન હોય ત્યારે લટકી જવાય. સાચો પ્રેમ કરતી હોય તો લટકી જા, હું બેઠી છું. તારા મા-બાપને હું જોઈ લઈશ અને કહીશ કે, મેં તારા ઘરે આવીને તને લટકાવી છે.

# યુકેમાં વસતા ગુજરાતીઓએ શ્રદ્ધાભેર ગણેશજીની સ્થાપના કરી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વાપી, તા.૧૪ :** ગણેશ ચતુર્થીના પર્વ નિમિત્તે યુકેમાં વસતા હિન્દુ ગુજરાતીઓ, જેમાં સંઘ પ્રદેશ દમણ તેમજ ગુજરાતના અનેક લોકોનો સમાવેશ થાય છે, જેવો હિન્દુ ધર્મના તમામ તહેવારોની ઉજવણી ભારત દેશની જેમ જ અહીં પણ કરે છે જે અંતર્ગત આજે તેઓએ પોતાના નિવાસસ્થાને તેમજ વિવિધ સમાજના ઓડિટોરિયમ હોલમાં ભક્તિભાવપૂર્વક ભગવાન ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરી હતી.

ગણેશ ચતુર્થી નિમિત્તે યુકેના લેસ્ટર, વેમ્બલી તેમજ લંડન સહિતના અનેક શહેરમાં વિવિધ સ્થળોએ ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં ગુજરાતી તથા અન્ય પરિવારો તેમજ ગણેશભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રીજીની આરાધના કરી હતી. વિદેશની ધરતી પર પણ ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓ જીવંત રાખવાનો પ્રયાસ જોવા મળ્યો હતો.

જોકે યુકેમાં ગણેશજીની સ્થાપના તેમજ વિસર્જન માટે સ્થાનિક સરકારના નીતિ-નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કૃત્રિમ તળાવ અથવા મંજૂર કરાયેલા પાર્ક વિસ્તારમાં જ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ ઉપરાંત ગણેશોત્સવ દરમિયાન ઉપયોગમાં લેવાયેલી સાધન-સામગ્રીની યોગ્ય રીતે સાફ-સફાઈ કરી પરિસરને સ્વચ્છ રાખવાની તેમજ જમીન પર પડેલો કચરો અને પ્લાસ્ટિક વેસ્ટ સંપૂર્ણપણે દૂર કરવાની શરતે આયોજન માટે મંજૂરી આપવામાં આવે છે. આ રીતે યુકેમાં વસતા ભારતીય અને ગુજરાતીઓ દ્વારા ધાર્મિક પરંપરા સાથે સ્વચ્છતા અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું પણ પાલન કરવામાં આવે છે.

# ગણદેવીમાં વરસતા વરસાદમાં બાપ્પાની સ્થાપના કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ગણદેવી, તા.૧૪ :** ગણદેવી તાલુકામાં સતત વાદળ છાયા વાતાવરણ વચ્ચે પાછોતરા વરસાદ ની હેલી જોવાઈ હતી. જેમાં સોમવારે સાંજે ૪ કલાકે વીતેલા ૨૪ કલાક દરમ્યાન ગણદેવી માં ૭૬ મીમી (૩.૦૪ ઈંચ) વરસાદ વરસ્યો હતો. જેને પગલે ડાંગર સહિત ખેતી પાકોને જીવતદાન મળ્યું હતું. જોકે ગણેશ ચતૃથી એ અનેક મંડળો એ વરસતા વરસાદ વચ્ચે ગણેશ સ્થાપના કરી હતી. તે સાથે મોસમ ગણદેવી માં ૨૧૫૫ મીમી (૮૬.૨ ઈંચ)વરસાદ વરસી ચુક્યો છે. વરસાદ ને પગલે નદીઓમાં નવા નીર આવ્યા હતા. કાવેરી નદી ૧૦ ફૂટ અને અંબિકા નદી ૧૩.૨૫ ફૂટે વહેતી હતી.















દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 15, September 2026

# દમણગંગા ટાઇમ્સ




## બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરે કેવડા ત્રીજે મહિલાઓ પૂજા માટે ઉમટી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૪ :** બીલીમોરાના પવિત્ર સોમનાથ મહાદેવ મંદિરે સોમવારે વહેલી સવારથી જ વ્રતધારી મહિલાઓની ભીડ ઉમટી પડી હતી.

મહિલાઓએ ઉપવાસ અને વ્રતના ધાર્મિક નિયમોનું પાલન કરી ભગવાન શિવના સાનિધ્યમાં પાર્થિવ શિવલિંગની શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. મંદિરના પૂજારી આચાર્ય જોગેન્દ્ર વ્યાસના માર્ગદર્શન હેઠળ આશરે ત્રણ હજાર જેટલી વ્રતધારી મહિલાઓએ પાર્થિવ શિવલિંગનું વિધિવત્ પૂજન કર્યું હતું. પૂજન દરમિયાન ભગવાન શિવ-પાર્વતીને ફૂલ, બિલિપત્ર સહિતની પૂજાસામગ્રી અર્પણ કરી મહિલાઓએ પોતાના પરિવારના સુખ-શાંતિ, પતિના દીર્ઘાયુષ્ય અને અખંડ સૌભાગ્ય માટે પ્રાર્થના કરી હતી. સોમનાથ મહાદેવના પવિત્ર સાનિધ્યમાં મોટી સંખ્યામાં મહિલાઓએ એકસાથે પાર્થિવ શિવલિંગનું પૂજન કરતાં સમગ્ર મંદિર પરિસર ભક્તિરસ અને આધ્યાત્મિક ઉર્જાથી છલકાઈ ઉઠ્યું હતું.

## વાપીના વેપારી સાથે રૂા.૧૨ લાખથી વધુની ઠગાઈ : ૪ સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** વાપી જીઆઈડીસી સ્થિત પટેલ ટ્રેડિંગ કંપનીના માલિક સાથે રૂ.૧૨.૧૪ લાખથી વધુની છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. આ મામલે ઉદ્યોગનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી સંજય વિનુભાઈ કાકડિયા (પટેલ) મૂળ મહેસાણાના વતની છે અને હાલ વાપી જીઆઈડીસી જે ટાઈપ ખાતે રહે છે. તેઓ અહીં વેર હાઉસનું એક ગોડાઉન પણ ધરાવે છે.અને પટેલ ટ્રેડિંગ નામે ટ્રેડિંગનો પણ વ્યવસાય કરે છે. ત્રણ માસ પહેલા ખંભાતથી કિશન તમાકુ ટ્રેડિંગ કંપનીના નામે ઓળખ આપતા એક ઈસમે તેમનો સંપર્ક કર્યો હતો અને તમાકુ માટે આરોપીએ તા.૨૨/૦૭/૨૦૨૫ ના રોજ પ્રથમ ઓર્ડર આપ્યો હતો જેમાં ૨૧ કિલો અને ૧૮૨૯ કિલો માલની હેરફેર માટે રૂા.૧,૩૧,૨૧૦નું બિલ બનાવ્યું હતું. ત્યારબાદ તા.૦૭/૦૮/૨૦૨૬ના રોજ બીજો ઓર્ડર આપી ૩૦ દિવસમાં ૨૨૦૦ કિલો માલની હેરફેર માટે રૂા. ૧,૧૬,૦૦૦ અને તા.૦૮/૦૭/૨૦૨૬ના રોજ ત્રીજો ઓર્ડર આપી ૩૦ દિવસમાં ૨૧૦૦ કિલો માલની હેરફેર માટે રૂા.૧,૧૪,૧૦૦ નો હિસાબ બતાવ્યો હતો. આ રીતે કુલ રૂ.૩,૬૧,૩૧૦ ની રકમ થઈ હતી.

આરોપીએ શરૂઆતમાં વિશ્વાસ કેળવવા થોડી રકમ ચૂકવી હતી અને બાકીના પૈસા થોડા દિવસમાં આપવાનું કહ્યું હતું. પરંતુ બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ અન્ય ટ્રાન્સપોર્ટરો સાથે પણ આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી કરી છે.

ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીએ અત્યાર સુધીમાં તેમની પાસેથી કુલ રૂા. ૧૨,૧૪ લાખની છેતરપિંડી કરી છે. આ મામલે વાપી ઉદ્યોગનગર પોલીસે જીતેન્દ્ર ઉર્ફે માસ્ટર વાતાદરા તથા રિતેશ સુથાર બંને રહે, ખંભાત આણંદ તથા અન્ય બે મળી કુલ ૪ સામેગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## ગોઈમા પાસે બસ અડફેટે એક્ટિવા સવાર યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૪ :** પારડી તાલુકાના ગોઈમાગામના ગૌમુખી ફળિયા નજીક ઉદવાડાથી નાનાપોઢા તરફ જતા માર્ગ પર એસ.ટી. બસ અને એક્ટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં એક્ટિવા પર સવાર ૩૩ વર્ષીય યુવકનું મોત થયું હતું, જ્યારે તેની પત્નીને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, અરનાલા મુસ્લિમ ફળિયામાં રહેતા ઈન્જામુલહક તથા તેમની પત્ની દિવ્યાબેન વાપીની વેલ્સ્પન કંપનીમાં નોકરી કરતા હતા.

સવારે બંને એક્ટિવા મોપેડ નં. GJ-15-EH-9284 પર નોકરીએ જઈ રહ્યા હતા. આશરે સવારે ૮:૧૫ વાગ્યે ગોઈમા ગામના ગૌમુખી ફળિયા નજીક પહોંચતા સામેથી આવતી એસ.ટી. બસ નં. GJ-18-ZT 0785 સાથે




તેમની એક્ટિવાની ટક્કર થઈ હતી.

અકસમાત બાદ આસપાસના લોકો એકત્ર થયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દિવ્યાબેનને સારવાર માટે ચીરંજીવી હોસ્પિટલ, નાનાપોંઢા ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેમને જમણા હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. બીજી તરફ ઈન્જામુલહકને પરિવારજનો પોતાની કારમાં હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે સવારે ૯ વાગ્યે ઈન્જામુલહકને મૃત જાહેર કર્યા હતા.

ત્યારબાદ મૃતદેહને નાનાપોંઢા સરકારી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડવામાં આવ્યો હતો. ફરિયાદમાં એસ.ટી. બસના ચાલકે બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એક્ટિવાને ટક્કર મારી હતી અને અકસ્માત બાદ બસ સ્થળ પર મૂકી ચાલક ફરાર થઈ ગયો હતો.

અકસમાતમાં ઈન્જામુલહકનું મોત થતાં અરનાલા ગામમાં શોકનો માહોલ છવાયો હતો. પરિવારજનો સહિત ગ્રામજનોમાં ઘેરા દુઃખની લાગણી જોવા મળી હતી. આ બનાવ અંગે પારડી પોલીસ સ્ટેશનમાં એસ.ટી. બસ ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૮૧, ૧૨૫(બ), ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭ અને ૧૮૪ મુજબ ગુનો નોંધાયો છે. પારડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આહવામાં હિટ એન્ડ રનનો નાસી છુટેલો આરોપી ઝડપાયો

**સાપુતારા, તા.૧૪ :** આહવા-ચિંચલી રોડ પર માદલબારી ગામે ગાયઘર નામે ઓળખાતી જગ્યા પાસે એક અજાણ્યા ફોરવ્હીલ ચાલકે પોતાની ગાડી પૂરઝડપે હંકારી બાઈક ચાલકને સામેથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જાયા બાદ અજાણ્યો ચાલક પોતાના વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો, આ વણઉકેલાયેલા ગુના આહવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. સાંખલા દ્વારા અલગ-અલગ ટીમો બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. આહવા પોલીસ ટીમે વિસ્તારના સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સીસ ની મદદથી સતત પ્રયાસો હાથ ધર્યા હતા. આ ટેકનિકલ અને માનવ સંસાધનોના સચોટ ઉપયોગથી પોલીસે ગુનામાં સંડોવાયેલ વાહનની ઓળખ કરી આરોપીને નાંદનપેડા ગામેથી ઝડપી પાડ્યો હતો.

પોલીસે આ કેસમાં ૪૧ વર્ષીય ડ્રાઈવિંગનો ધંધો કરતા જુમ્મા રહેમાનભાઈ વાની (રહે. નાંદનપેડા, તા. આહવા, જી. ડાંગ) ની અટકાયત કરી છે. તેની સાથે અકસ્માતમાં સંડોવાયેલ બોલેરો પિકઅપ ગાડી (નંબર GJ-15-YY-1576) પણ કબ્જે કરવામાં આવી છે.

## વલસાડ જિલ્લામાં શ્રદ્ધાપૂર્વક શ્રીજીની સ્થાપના સાથે ગણેશ ઉત્સવનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, વાપી, તા. ૧૪ :** સમગ્ર વલસાડ અને વાપી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આજરોજ ગણેશ ચતુર્થીના પાવન પર્વની ભારે ઉત્સાહ અને શ્રદ્ધા સાથે ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સાર્વજનિક ગણેશ મંડળો તેમજ ઘરોમાં વિઘ્નહર્તા દેવ ગણપતિ બાપ્પાની પ્રતિમાની શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સ્થાપના કરવામાં આવી હતી. વલસાડ શહેરના બેચર રોડ પર આવેલ ડાંગ દરબાર દ્વારા ગયા વર્ષે રાધાકૃષ્ણની મૂર્તિ એ આકર્ષણ જણાવ્યા બાદ આ વર્ષે ગણેશ ચતુર્થીના દિવસે ગણપતિ બાપાની મૂર્તિની સ્થાપનાની સાથે ભગવાન શંકર અને માતા પાર્વતીની મૂર્તિ મુકતા લોકોમાં



આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

વાપી પંથકમાં આજે ગણેશ ચતુર્થીના પાવન પર્વે ભારે ધામધૂમ અને શ્રદ્ધાભેર ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. શ્રીજીના આગમનને લઈને શહેરના વિવિધ માર્ગો અને વિસ્તારોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. વાપી મહાનગરપાલિકા અને વાપી નોટિફાઈડ હદ વિસ્તારમાં હિન્દુ ધર્મના પ્રથમ પૂજનીય દેવ અને સર્વપ્રથમ પૂજાતા ભગવાન ગણેશજીની ઠેર ઠેર સ્થાપના કરવામાં આવી હતી. મોટા ગણેશ મંડળો તેમજ વિવિધ સોસાયટીઓમાં છેલ્લા કેટલાક દિવસોથી શ્રીજીનું આગમન થઈ ચૂક્યું હતું, જયારે ઘરગથ્થુ ગણપતિજી તેમજ નાના મંડળોની પ્રતિમાઓનું આજે વહેલી સવારે મંડળના સ્થળે આગમન થયું હતું.

ગણપતિ બાપ્પાના આગમન પ્રસંગે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ સ્થળોએ ફટાકડા ફોડી, ગુલાલ ઉડાડી તેમજ 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષ સાથે શ્રીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેના પગલે સમગ્ર વિસ્તાર ગણેશમય બની ગયો હતો.

## વાપીમાં ગણેશ આગમનનાં બંદોબસ્તમાં ટીઆરબી જવાન કાર અડફટે ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૪ :** વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં TRB તરીકે ફરજ બજાવતા હિતેષ રાજકુમાર પાલ (ઉ.વ.૨૦, રહે.સન ડિવાઈન સોસા., દેસાઈવાડ, વાપી) ને પુરઝડપે આવેલી સ્વિફ્ટ કારના ચાલકે ટક્કર મારતા બંને મિત્રોને ગંભીર ઈજા થઈ છે. તા.૧૪/૦૮/૨૦૨૬ ના રોજ ફરિયાદી બપોરે ૧૪/૩૦ થી ૨૨/૩૦ ની ફરજ પર હતો. તેનો પોઈન્ટ વાપી ચલા ઝંડા ચોક પ્રાથમિક શાળા ખાતે હતો. ગણપતિ આગમનને લીધે બલીઠાથી વાપી તરફના રોડ પર ટ્રાફિક હોવાથી તે પોતાના મિત્ર જીગ્નેશ ઈશ્વરભાઈ ધો.પટેલ (રહે.ચલા) સાથે સ્પ્લેન્ડર બાઈક GJ-15-EL-9560 પર ટ્રાફિક નિયમન માટે જઈ રહ્યો હતો. દરમિયાન સામેથી આવેલી સ્વિફ્ટ કાર નં. GJ-21-M-0003 ના ચાલક મશિલાભાઈ છનાભાઈ ચૌધરીએ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બંને રોડ પર પટકાયા હતા. હિતેષને ડાબા પગના પંજાના ઉપરના ભાગે અને જીગ્નેશને ડાબા પગના નળા તથા થાપાના ભાગે ગંભીર ઈજા થઈ તે બેભાન થઈ ગયો હતો. ૧૧૨ પર કોલ કરતા બંનેને જનસેવા હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સેલવાસ નમો હોસ્પિટલમાં ખસેડાયા છે. ટ્રાફિક પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## વલસાડ હાઈવે પર ટેમ્પો પલટ્યો : ડ્રાઈવરનો બચાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડના નેશનલ હાઈવે પરથી પસાર થતી વખતે એક આઈસર ટેમ્પો કોઈ અગમ્ય કારણોસર અચાનકનંદાવલા ગામ નજીક આવેલ બ્રિજ પલટી ખાઈ ગયો હતો. ટેમ્પો પલટી જવાથી ડ્રાઈવર અંદર જ ફસાઈ ગયો હતો.

અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના સ્થાનિકો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ સમયસૂચકતા દાખવી તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી ડ્રાઈવરને હેમખેમ બહાર કાઢ્યો હતો. અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ડ્રાઈવરને સલામત બહાર કઢાતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ટેમ્પો પલટી જવા પાછળનું ચોક્કસ કારણ શું હતું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મોટી તાઈવાડના એપાર્ટમેન્ટમાંથી દારૂ સાથે મહિલા ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૪ :** વલસાડ સિટી પોલીસે બાતમીના આધારે ધનબુરા રોડ પર આવેલા દિલબર એપાર્ટમેન્ટમાં છાપો મારતા રસોડામાં સંતાડેલો ૨.૯૧ લાખથી વધુની કિંમતનો દારૂ તથા બિયરનો જથ્થા સાથે પોલીસે એક મહિલાની ધરપકડ કરી છે, જયારે દારૂ સપ્લાય કરનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

ગણેશ ચતુર્થીના તહેવાર સંદર્ભે વલસાડ સિટી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે શહેરના ધનભુરા રોડ પર આવેલા દિલબર એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૧૦૧માં રહેતી મહિલાએ પોતાના ફ્લેટમાં દારૂનો મોટો જથ્થો છુપાવ્યો છે. બાતમીના આધારે મહિલા પોલીસ કર્મચારી સાથે ફ્લેટ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

?તપાસ દરમિયાન ફ્લેટના રસોડામાંથી પૂંઠાના બોક્સમાં છુપાવેલી વ્હિસ્કી તથા ટીન બિયરની નાની-મોટી બોટલો નંગ ૧૧૦૪ કિંમત રૂા. ૨,૯૧,૯૩૬, મોબાઈલ ફોન એક કિંમત રૂા. ૫,૦૦૦ મળી કુલ ૨,૯૬,૯૩૬ ના મુદ્દા માલ સાથે મહિલા આરોપી ઈસરત પત્ની અબ્દુલ ગફુર શબ્બીર નાન ઉં.વ. ૩૫, રહે. ફ્લેટ નં. ૧૦૧, દિલબર એપાર્ટમેન્ટ, ધનભુરા રોડ, વલસાડની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછમાં ઝડપાયેલી મહિલાએ જણાવ્યું હતું કે આ દારૂનો જથ્થો વલસાડ શહેરના મોટા તાઈવાડમાં રહેતા મોહમ્મદ કાશીમ પાસેથી મંગાવવામાં આવ્યો હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ખેરગામમાં સિઝનનો ૧૨૧ ઈંચ વરસાદ ઝિકાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૧૪ :** નવસારી જિલ્લાના છ (૬) તાલુકા પૈકી સિઝનનોં વરસાદ જોઈએ તો ખેરગામ તાલુકામાં ૧૨૧ ઈંચ ((૩,૦૩૪ મિમી.)જેટલો સૌથી વધુ વરસાદ નોંધાયો છે. નવસારી જિ.માં ચોમાસાના ભાદરવા માસના -ારંભમાં વરસાદ તા. ૧૩-૯-૨૬ સુધીમાં નવસારી તા. મા- ૨,૦૯૩, જલાલપોર - ૧,૮૮૯, ગણદેવી- ૨,૦૮૦; ચીખલી -૨,૫૭૪, વાંસદા - ૨,૭૩૪, અને ખેરગામમા- ૩,૦૧૦ મિમી. નોંધાતા ખેરગામ-નવસારી જિ.માં વરસાદ ઝીલવામાં -થમ રહી ૧૨૧ ઈંચ વર્ષા નોધાઈ છે. ડાંગ ના આહવામા ૨,૬૧૦, વઘઈ ૩,૦૦૦.-ડોલવણ-૨,૦૦૦ મિમી. વરસાદ નોંધાયો છે.

ખેરગામ તાલુકાના ત્રણ ડૂબાઉ કૉઝવે ઉપરવાસના ભારે વરસાદના કારણે પાણી ફરી વળતા બંધ થઈ જતા રાહદારીઓ ને તકલીફ થઈ હતી.



ગુંજન પોલીસ લાઈનના ચિંતામણીના શ્રીજી



વાપી ખોડિયાર નગરના ગણેશજી



વાપી નોટિફાઈડ ફાયર સ્ટેશના શ્રીજી

## ધરમપુરમાં શ્રીજીના આગમનથી ભક્તોમાં ઉત્સાહ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૪ :** ગણેશોત્સવના પાવન પર્વને લઈને ધરમપુર તાલુકામાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. માછીવાડ ખાતે જય જલારામ યુવક મંડળ દ્વારા શ્રી ગણેશજીની ભવ્ય આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દરમિયાન બારસોલ ખાતે 'બારસોલના રાજા'નું ગણેશ ભક્તો દ્વારા વાજતે-ગાજતે ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે મોટી સંખ્યામાં ભક્તો ઝૂમી ઊઠ્યા હતા.

આ ઉપરાંત ધરમપુર શહેરના સમડી ચોક, હાથીખાના, ગાર્ડન રોડ, મ્યુઝિયમ સામે, ત્રણ દરવાજા, જકાતનાકા,આસુરા ચોકડી, વાવ,



મોટા બજાર, પ્રભુ ફળિયા, વાલોડ ફળિયા, દસોંદી ફળિયા સહિત આસપાસના વિસ્તારોમાં પણ આજે વાજતે-ગાજતે અને ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રી ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ગણેશજીના આગમન અને સ્થાપન સાથે સમગ્ર ધરમપુર તાલુકો 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો અને ગણેશોત્સવનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો હતો.

## ગણદેવી પંથકમાં ઠેર ઠેર શ્રીજીની પ્રતિમાઓનું સ્થાપન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૪ :** ગણદેવી તાલુકામાં પરંપરાગત ભક્તિભાવ અને અનેરા ઉત્સાહ સાથે ગણેશોત્સવનો પ્રારંભ થયો છે. ગણપતિ બાપ્પા મોર્યાના ગગનભેદી નાદ અને ડીજેના તાલે વિઘ્નહર્તા દુંદાળા દેવનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તાલુકાના ત્રણ પોલીસ મથક વિસ્તારોમાં મળી કુલ ૪૦૩ સાર્વજનિક મંડળો દ્વારા આકર્ષક પંડાલમાં બાપ્પાની શાસ્ત્રોક્ત વિધિથી સ્થાપના કરવામાં આવી છે; જેમાં ગણદેવી વિસ્તારમાં ૨૦૦, બીલીમોરા વિસ્તારમાં ૧૭૦ અને ધોલાઈ મરીન હેઠળના ગામોમાં ૩૩ મંડળોનો સમાવેશ



થાય છે. આ ઉપરાંત ૧૫૦૦થી વધુ ઘરોમાં પણ ગૌરી-ગણેશજીની પધરામણી થતાં સમગ્ર પંથક ગણેશભક્તિના રંગે રંગાયો છે.

બીલીમોરા અને આસપાસના વિસ્તારોમાં દેવસર ના ગણરાજ, દેવસરના રાજા, મન્નત કા રાજા, દેવસર નવનાથ ધામ, સરદાર પટેલ યુવક મંડળ, કિંગ ઓફ ખાડૉં, ઓરિયા મોરા, કિંગ ઓફ પારસીવાડ તીસરી ગલી નવયુવક મંડળ તેમજ વિઠ્ઠલ નગર સોસાયટીના સુપ્રસિદ્ધ સમ્રાટ ઓફ વિઠ્ઠલ નગર સહિતના અગ્રણી મંડળો દ્વારા દુંદાળા દેવની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ભવ્ય ડેકોરેશન અને મનમોહક રોશનીથી સજ્જ મંડપોમાં દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ લાગશે. સમગ્ર તાલુકામાં અત્યારે શ્રદ્ધા, ઉમંગ અને ઉત્સવનો માહોલ ચરમસીમાએ પહોંચ્યો છે.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**